RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 184* Date: 02.05.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતમાં કોરોનાનુ જોખમ વધ્યુઃ ૯ જિલ્લા 'રેડ ઝોન' જાહેર

ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગના સત્તાવાળાઓ દ્વારા દેશના તમામ રાજયોના મુખ્ય સચિવોને પત્ર લખીને કોરોના મહામારીના સમયમાં કેસો પ્રમાણે રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન અંગેની સત્તાવાર જાણકારી આપીને તે મુજબ સ્થાનિક જરૂરીયાત પ્રમમાણે કેન્દ્રના ગાઈડલાઈ ન મુજબ લોકડાઉનમાં છૂટછાટો આપવા જણાવ્યું છે જેમાં દેશના ૧૩૦ જિલ્લામાં ૩ મે પછી પણ કડક પ્રતિબંધો લાગુ રહેશે. કેમ કે સ્વાસ્થ્ય મંત્રાલયે આ તમામ જિલ્લાને રેડ ઝોન જાહેર કર્યા છે. કુલ ૭૩૩ જિલ્લામાંથી ૨૮૪ જિલ્લા ઓરેન્જ ઝોનવાળા જાહેર કરાયા છે. તો ૩૧૯ જિલ્લાને ગ્રીન ઝોન વાળા જાહેર કરવામાં આવ્યાં છે. તેમણે દાવો કર્યો કે કોરોનાનો ચેપ લાગ્યા બાદ સાજા થવાનો રિકવરી રેટ વધ્યો છે. આ હિસાબે હવે અલગ-અલગ વિસ્તારમાં જિલ્લાને ઝોનના હિસાબે વહેંચવામાં આવી રહ્યાં છે .

ગ્રીન ઝોનમાં રહેનાર ૩૧૯ જિલ્લામાં ૩ મે પછી રાહત મળવાની સંભાવના છે. ઝોનવાઈઝ પ્રમાણે જોઈએ તો સૌથી વધારે ૧૯ રેડ ઝોન અને ૩૬ ઓરેન્જ ઝોન ઉત્તર પ્રદેશમાં છે , સૌથી વધારે ગ્રીન ઝોન આસામમાં છે. અને ગુજરાતમાં ૯ જિલ્લા રેડઝેનમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. રેડ ઝોન એટલે કે જયાં કોરોનાના સૌથી વધારે કેસ હોય, ગ્રીન ઝોન એટલે કે અહીં ૨૧ દિવસથી નવો કેસ નોંધાયો ન હોય. ઓરેન્જ ઝોન એટલે કે જ્યાં ૧૪ દિવસમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હોય.

કેન્દ્રએ ગુજરાતના 9 જિલ્લા રેડ ઝોનમાં, 19 ઓરેન્જ અને 5 જિલ્લા ગ્રીન ઝોનમાં રાખ્યા,, ત્રીજી પછી રેડ સિવાયના ઝોનમાં છૂટછાટ મળી શકે

ગુજરાતનો કયો જિલ્લો કયા ઝોનમાં

| જિલ્લો | ઝોન | કેસ |
|---|---|---|
| અમદાવાદ | રેડ | 3026 |
| સુરત | રેડ | 614 |
| વડોદરા | રેડ | 289 |
| આણંદ | રેડ | 74 |
| બનાસકાંઠા | રેડ | 28 |
| પંચમહાલ | રેડ | 34 |
| ભાવનગર | રેડ | 47 |
| ગાંધીનગર | રેડ | 48 |
| અરવલ્લી | રેડ | 19 |
| રાજકોટ | ઓરેન્જ | 58 |
| ભરૂચ | ઓરેન્જ | 31 |
| બોટાદ | ઓરેન્જ | 20 |

| જિલ્લો | ઝોન | કેસ |
|---|---|---|
| નર્મદા | ઓરેન્જ | 12 |
| છોટાઉદેપુર | ઓરેન્જ | 13 |
| મહિસાગર | ઓરેન્જ | 11 |
| મહેસાણા | ઓરેન્જ | 11 |
| પાટણ | ઓરેન્જ | 17 |
| ખેડા | ઓરેન્જ | 06 |
| વલસાડ | ઓરેન્જ | 05 |
| દાહોદ | ઓરેન્જ | 05 |
| કચ્છ | ઓરેન્જ | 06 |
| નવસારી | ઓરેન્જ | 06 |
| ગીર-સોમનાથ | ઓરેન્જ | 03 |

| જિલ્લો | ઝોન | કેસ |
|---|---|---|
| ડાંગ | ઓરેન્જ | 02 |
| સાબરકાંઠા | ઓરેન્જ | 03 |
| તાપી | ઓરેન્જ | 01 |
| જામનગર | ઓરેન્જ | 01 |
| સુરેન્દ્રનગર | ઓરેન્જ | 01 |
| મોરબી | ગ્રીન | 01 |
| અમરેલી | ગ્રીન | 00 |
| પોરબંદર | ગ્રીન | 03 |
| જૂનાગઢ | ગ્રીન | 00 |
| દેવભૂમિ દ્વારકા | ગ્રીન | 00 |

સ્વાસ્થ્ય મંત્રાલયે હજુ પણ દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકત્તા, હૈદરાબાદ, બેંગલુરૂ, અમદાવાદને રેડ ઝોનમાં રાખ્યા છે. આ સિવાય મહારાષ્ટ્રના ૧૪, દિલ્હીના ૧૧, તમિલનાડુના ૧૨, ઉત્તર પ્રદેશના ૧૯, બંગાળના ૧૦, ગુજરાતના ૯, મધ્ય પ્રદેશના ૯, રાજસ્થાનના ૮ જિલ્લા રેડ ઝોનમાં સામેલ છે.

બિહારના ૨૦, ઉત્તર પ્રદેશના ૩૬, તમિલનાડુના ૨૪, રાજસ્થાનના ૧૯, પંજાબના ૧૫, મધ્ય પ્રદેશના ૧૯, મહારાષ્ટ્રના ૧૬ જિલ્લા ઓરેન્જ ઝોનમાં સામેલ છે. અસમના ૩૦, છત્તીસગઢના ૨૫, અરૂણાચલ પ્રદેશના ૨૫, મધ્ય પ્રદેશના ૨૪, ઓડિશાના ૨૧, ઉત્તર પ્રદેશના ૨૦, ઉત્તરાખંડના ૧૦ જિલ્લા ગ્રીન ઝોનમાં સામેલ છે.

કેન્દ્રએ, ગુજરાતમાં નોંધાયેલો કોરોનાના કેસોની સંખ્યા અને અન્ય પરિસ્થિતિ મુજબ ૩૩ જિલ્લામાંથી ૯ જિલ્લા રેડ ઝોનમાં, ૧૯ ઓરેન્જ અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં રાખ્યા છે. ૩ મે પછી રેડ ઝોન સિવાયના ઝોનમાં છૂટછાટ મળી શકે તેમ છે. અમદાવાદ, સુરત, વડોદરા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, ગાંધીનગર, બનાસકાંઠા, ભાવનગર રેડ ઝોનમાં છે. રાજકોટ, પાટણ અને મહેસાણા સહિતના ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં, જ્યારે મોરબી, અમરેલી, પોબરબંદર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા ગ્રીન ઝોનમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

રેડ ઝોન પર નજર નાંખીએ તો, અમદાવાદ રેડઝોનમાં છે અને ૩૦ એપ્રિલ સુધીમાં ૩૦૨૬ કેસો નોંધાયા છે. સુરત-રેડ-૬૧૪, વડોદરા-રેડ-૨૮૯, આણંદ-રેડ-૭૪, બનાસકાંઠા -રેડ-૨૮, પંચમહાલ-રેડ- ૩૪, ભાવનગર-રેડ- ૪૭, ગાંધીનગર-રેડ-૪૮ અને અરવલ્લી-રેડ-૧૯ કેસો નોંધાયલા છે.દેશભરમાં ૩જી મેના લોકડાઉનનો બીજો તબક્કો પૂર્ણ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં તમામ રાજયના મુખ્યમંત્રીઓ સાથે આ સંદર્ભે ચર્ચા કરી હતી. તેમજ કોવિડ ૧૯ની ટીમ અને કેન્દ્રની આરોગ્ય ટીમ દ્વારા દરેક રાજયના આરોગ્યમંત્રી અને આરોગ્ય સચિવ સાથે વીડિયો કોન્ફરન્સ કરીને રાજયમાં કોરોનાની સ્થિતિ અંગે તાગ મેળવ્યો હતો અને કોરોનાગ્રસ્ત જિલ્લાઓને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચ્યા છે.

કેન્દ્ર સરકાર પણ લોકડાઉન બાદ ઝોન આધારે જિલ્લાઓમાં છૂટછાટ અને કડક અમલ કરાવી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી એડ્વાઈઝરી પ્રમાણે ગુજરાતના ૯ જિલ્લા રેડ ઝોનમાં, ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં આવે છે. રેડ ઝોનમાં કડક અમલ કરાવવામાં આવશે, જ્યારે ઓરેન્જ ઝોનને થોડીક છૂટછાટ મળી શકે છે. તેમજ ગ્રીન ઝોનને ઓરેન્જ કરતા થોડી વધુ આંશિક રાહત મળી શકે છે.

### ૪૦ ટકા ઈકોનોમી દોડતી થાય તેવી શક્યતા,બસ-ટેક્સી-ઓટો દોડતી થશે

## લોકડાઉન કાઉન્ટડાઉન શરૂ: ગ્રીન ઝોનમાં છૂટછાટ વધવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૧

લોકડાઉનના પહેલાં તબક્કામાં જયાં પીએમ મોદીએ 'જાન હે તો જહાન હૈ'નો મંત્ર આપ્યો હતો, તો બીજા તબક્કામાં 'જાન ભી જહાન ભી'. બીજા તબક્કા દરમ્યાન જ ગ્રીન અને ઓરેન્જ જોન્સમાં બિનજરૂરી વસ્તુઓની દુકાનોને ખોલવા અને ગ્રામીણ વિસ્તારોમાં વેપારી અને ઔદ્યોગિક ગતિવિધિઓને કડક શરતોની સાથે મંજૂરી આપી દીધી હતી. હવે કેન્દ્ર એ સંકેત આપ્યો છે કે ૪ મે થી ગ્રીન ઝોન્સમાં છૂટનો દાયરો વધારી શકે છે. જો કે લોકડાઉન બાદ પણ માસ્ક અને સોશિયલ ડિસ્ટેંસિંગ સામાન્ય જનજીવનનો હિસ્સો રહેવાનો છે.

દેશમાં કુલ ૭૩૯ જિલ્લા છે જેમાંથી ૩૦૭ હજુ પણ કોરોનાથી અછૂત છે એટલે કે ૪૦ ટકાથી પણ વધુ. આ જિલ્લો ગ્રીન ઝોન છે. ૩ મે બાદ આ જિલ્લામાં ફેકટરીઓ, દુકાનો, નાના-મોટા ઉદ્યોગો સહિત ટ્રાન્સપોર્ટ અને અન્ય સેવાઓને પણ શરતોની સાથે સંપૂર્ણપણે ખોલી શકે છે. કેન્દ્ર એક-બે દિવસમાં તેના પર નિર્ણય લઇ શકે છે પરંતુ સંબંધિત રાજયોમાં છેલ્લો નિર્ણય ત્યાંની સરકારો પર નિર્ભર હશે.

ગ્રીન ઝોન્સમાં ૪મેથી મોબાઈલ ફોન્સ, ઈલેક્ટ્રોનિક, ઈલેક્ટ્રિક, હાર્ડવેર, રિપેરિંગ શોપ્સ, કપડાની દુકાનો, રેસ્ટોરાં, હેયર કટિંગ સલૂન જેવી સર્વિસીસને પણ ખોલવાની મંજૂરી આપી શકે છે. જો કે આ દુકાનો પર ભીડની મંજૂરી મળશે નહીં અને સોશિયલ ડિસ્ટેન્સિંગનું સંપૂર્ણપણે પાલન કરવું પડશે. પંજાબ સરકારે તો લોકડાઉનને બે સપ્તાહ સુધી વધારી દીધું છે પરંતુ તેમને પણ ગ્રામીણ વિસ્તારોમાં સામાન વેચવાની તમામ દુકાનોને ૫૦ ટકા સ્ટાફ અને કેટલીક શરતોની સાથે મંજૂરી આપી દીધી છે. જો કે ત્યાં સલન, સ્પા જેવી સર્વિસીસ આપવાની મંજૂરી આપવામાં આવી નથી. સ્ટેન્ડઅલોન ટી અને સિગરેટની દુકાનોને પણ મંજૂરી આપી શકે છે.

ગ્રીન ઝોન્સમાં ૪ મે થી તમામ ફેકટરીઓમાં ફરીથી કામ શરૂ કરવાની મંજૂરી મળી શકે છે. આ સિવાય લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પણ છૂટ મળી શકે છે. ઈંટોના ભઠ્ઠાને પહેલાં જ છૂટ મળી ચૂકી છે. ગ્રીન જિલ્લામાં નિર્માણ ગતિવિધિઓ પર લાગેલા બ્રેક હટી શકે છે. કંસ્ટ્રકશનનું કામ જોર પકડી શકે છે.ગ્રીન ઝોન્સમાં ટ્રાન્સપોર્ટને પણ મર્યાદિત સમયમાં ખોલી શકે છે. પશ્ચિમ બંગાળમાં બસો અને ટેક્સીઓને ગ્રીન ઝોન્સની અંદર ચાલવાની મંજૂરી આપી શકે છે. ઈન્ટર-સ્ટેટ બસ સર્વિસ બંધ રહેશે. આ જ રીતે અન્ય રાજ્યોમાં પણ આ પ્રકારની છૂટ શકય છે. જો કે સોશિયલ ડિસ્ટેંસિંગ અને માસ્ક પહેરવું જરૂરી હશે.

૩ મે બાદ ગ્રીન ઝોન્સમાં પ્રિતબંધોના દાયરાને સીમિત ચોક્કસ કરી શકે છે પરંતુ ભીડવાળી જગ્યાની મંજૂરી ત્યારે પણ હશે નહીં. લગ્ન સમારંભ, ધાર્મિક આયોજન, જુલુસ જેવી ભીડવાળી ગતિવિધિઓ પર આગળ જતા પર પ્રતિબંધ યથાવત રહેશે.

દેશમાં ૧૨૯ જિલ્લા રેડ ઝોન્સમાં છે એટલે કે ત્યાં કોરોના વાયરસનું હોટસ્પોટસ છે. આખી દિલ્હી રેડ ઝોનમાં છે. મુંબઈ, અમદાવાદ, સુરત જેવા મોટા ઔદ્યોગિક કેન્દ્ર પણ રેડ ઝોન્સમાં છે જયાં છૂટછાટની શકયતા ના બરાબર હાલ દેખાય રહી છે.

### કુલ સંક્રમિતોનો આંકડો ૩૫ હજારને પાર,મૃત્યુઆંક ૧૧૪૭એ પહોંચ્યો

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૯૯૩ પોઝિટિવ કેસઃ ૭૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં કોરોનાનો કહેર યથાવત છે અને દરરોજ નવા કેસોની સંખ્યામાં વધારો નોંધાતો જોવા મળે છે. કોરોના વાયરસનો કાળમુખા પંજામાં દેશના મોટાભાગના વિસ્તારો આવી ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલી માહિતી મુજબ દેશમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૫,૦૦૦ને પાર થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૯૯૩ નવા પોઝિટિવ કેસ નોંધાતા કોરોનાના કુલ કેસો ૩૫,૦૪૩ થઈ ગયા છે. એક દિવસમાં દેશમાં ૭૩ લોકોના મોત થયા હોવાથી અત્યાર સુધીમાં કુલ ૧,૧૪૭ મરણ થયા છે.


કોરોના સામે દેશના તબીબો સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે. હોસ્પિટલોમાં દર્દીઓની સારવારમાં પુરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દેશમાં કોરોના વાયરસ સામે જંગ જીતીને સાજા થનારાની સંખ્યા વધીને ૮૮૮૯ થઈ છે. રિકવરી રેટ ૨૫.૩૬ ટકા થયો છે. આ બાજુ મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૯૯૧૫ થઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રમાં ૫૮૩ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૨૭ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી ૪૩૨ લોકોએ જીવ ગુમાવ્યાં છે.

હવે શીખ તીર્થયાત્રી કોરોના વાઈરસનો શિકાર બની રહ્યા છે. જેમાં મહારાષ્ટ્રના નાદેડ હજૂર સાહિબથી પાછા આવેલા ૧૪૮ તીર્થયાત્રી સામેલ છે. ૧૪૮ શીખ યાત્રીઓમાંથી ૭૬ અમૃતસરમાં, ૩૮ લુધિયાણા અને ૧૦ મોહાલીમાં કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૩,૫૦૦ તીર્થયાત્રિ નાંદેડથી પંજાબ પહોંચ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧ એપ્રિલના લોકડાઉનનું પ્રથમ ચરણ પૂર્ણ થયા બાદ તેને ૩જી મે સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. દેશમાં હવે ધીરે ધીરે અર્થતંત્રને પુનઃ વેગવંતુ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તાજેતરમાં જ વડાપ્રધાન મોદીએ રાજયના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજી હતી અને દેશમાં લોકડાઉન અંગેની સ્થિતિની સમીક્ષા કરી હતી.દેશમાં કોરોના વાયરસમાંથી રિકવરીનો દર વર્તમાન સમયે ૨૫.૧૮ ટકા છે અને તેમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. બે સપ્તાહ પૂર્વે દેશમાં રિકવરી રેટ ૧૩ ટકા હતો. ગુરુવારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સંખ્યાબંધ ટ્વીટ કરીને દેશમાં લોકડાઉન આગામી સમય માટે વધુ લંબાવાના સંકેત આપ્યા હતા. જો કે કેટલાક જિલ્લાઓ જયાં કોરોનાના કેસો ઓછા છે ત્યાં કેટલીક છૂટછાટ આપવામાં આવે તેવી શક્યતા છે.

### વિશ્વ આરોગ્ય સંસ્થા ચીનની પીઆર એજન્સી સમાન છે

## કોરોના વાઈરસ વુહાન લેબમાંથી પેદા થયો એનો મારી પાસે પુરાવો છેઃ ટ્રમ્પ



વોશિંગ્ટન,તા.૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના વાયરસ મામલે ચીન અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે ગુરૂવારના રોજ વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતી વખતે વિશ્વ આરોગ્ય સંસ્થા પર પ્રહાર કરતા કહ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થાને શરમ આવવી જોઈએ કારણ કે તે ચીન માટે પબ્લિક રિલેશન એજન્સીની જેવું કામ કરે છે. ટ્રમ્પે આ ઉપરાંત ચીનને નવા ટેરિફ અંગે પણ ચેતવણી આપી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ દાવો કરતા કહ્યું કે તેમણે વુહાનની લેબમાં કોરોના વાયરસ સાથે સંકળાયેલા પુરાવાઓ જોયા છે.

ડોનાલ્ડ ટ્રમ્પને જયારે પુછવામાં આવ્યું કે, શું તેમણે એવું કંઈ જોયું છે કે જેનાથી એવી ખબર પડી શકે કે ચીનના વુહાનમાં ઈન્સ્ટીટયૂર ઓફ વાયરોલોજીમાંથી કોરોના વાયરસ ઉદ્ભવ્યો છે. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાને શરમ આવવી જોઈએ, કારણ કે ચીન માટે તે એક પબ્લિક રિલેશન એજન્સીની જેવું જકામ કરી રહી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું કે વુહાન ઈન્સ્ટીટયૂટ ઓફ વાયરોલોજીમાંથી જ ઉદ્ભવ્યો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારોએ ડોનાલ્ડ ટ્રમ્પને પૂછ્યું કે તમે કેવી રીતે આટલી દ્રઢ રીતે કહી શકો છો કે આ વાયરસ ચીનની વાયરોલોજીમાં બનાવવામાં આવ્યો છે. પત્રકારોએ આ વાત પર ભાર મુકતા તેની પાછળનું કોઈ ચોક્કસ કારણ જણાવવા માટે કહ્યું. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે હું તમને એ નહીં જણાવી શકું. નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસ મામલે ચીન વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે. આ અગાઉ સોમવારના રોજ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે ચીન કોરોના વાયરસનને ફેલાતો રોકી શકતો હતો. અમે આ અંગે તપાસ કરી રહ્યા છીએ અને તમને યોગ્ય સમય આવસે ત્યારે આ અંગે જાણકારી આપી દઈશું.

## મહારાષ્ટ્રમાં ૨૧મી મે ના રોજ વિધાન પરિષદની ચૂંટણી યોજાશેઃ ચૂંટણી પંચ

મુંબઈ/ન્યુ દિલ્હી,તા.૧

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી બની રહેવા માટે એમએલસીની સીટ માટે મીટ માંડીને બેઠેલા ઉદ્ધવ ઠાકરેને કઈક રાહત મળતી હોય તેવું લાગે છે. ચૂંટણી પંચે પ્રદેશની ખાલી પડેલી ૯ એમએલસી સીટો પર ચૂંટણીની મંજૂરી આપી દીધી છે. આથી હવે ૨૧મી મે ના રોજ આ ખાલી પડેલી બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદ સીટ માટે નોમિનેટ કરવાની જગ્યાએ પ્રદેશની ખાલી પડેલી ૯ એમએલસી બેઠકો પર ચૂંટણી કરાવવા માટે ચૂંટણી પંચને ભલામણ કરતો પત્ર લખ્યો હતો.

ગવર્નરે ચૂંટણી પંચને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે કોરોના સંક્રમણની રોકથામ માટે દેશવ્યાપી લોકડાઉનના કેન્દ્રના નિર્ણયના કારણે ચૂંટણી ટાળવામાં આવી હતી. સીએમ ઉદ્ધવ ઠાકરે પ્રદેશના બંને સદનોમાંથી કોઈ પણ એક સદનના સભ્ય હજુ સુધી બની શક્યા નથી અને તેમણે મુખ્યમંત્રી તરીકે બની રહેવા માટે બંધારણ મુજબ ૨૭મી મે અગાઉ એમએલસી બનવું જરૂરી છે.

આ અગાઉ આજે સવારે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ગવર્નર ભગતસિંહ કોશ્યારી સાથે મુલાકાત પણ કરી હતી. અત્રે જણાવવાનું કે એમએલસી સીટનો મામલો પીએમ મોદી સુધી પહોંચ્યો હતો. મુખ્યમંત્રીનું પદ જાળવી રાખવા માટે ઉદ્ધવ ઠાકરેએ ૨૭મી મે પહેલા પ્રદેશના કોઈ પણ સદનની સદસ્યતા મેળવવી પડશે.

ભારતીય બંધારણની કલમ ૧૬૪ (૪) હેઠળ કોઈ પણ સદન સાથે જોડાયેલ ન હોય તેવી વ્યક્તિ ૬ મહિના સુધી જ મંત્રીમંડળમાં કે મુખ્યમંત્રીના પદ પર રહી શકે છે. બદલાતા રાજકીય માહોલમાં સીએમ ઉદ્ધવ ઠાકરેએ ૨૭મી મે સુધીમાં કોઈ પણ એક સદનની સદસ્યતા લેવી જરૂરી છે. નહીં તો તેમણે મુખ્યમંત્રી પદ છોડવું પડશે.

## લોકડાઉનની અસરઃ જીએસટી કલેક્શન ઘટીને ૨૮૩૦૯ કરોડએ પહોંચ્યુ

ન્યુ દિલ્હી,તા.૧

દેશભરમાં લોકડાઉનને કારણે માર્ચ મહિના માટે ૨૯ એપ્રિલ સુધી જીએસટી કલેકશન રેકર્ડબ્રેક ઘટીને રૂ. ૨૮૩૦૯ કરોડ રહ્યું છે. માર્ચ ૨૦૧૯ માં તે ૧.૧૩ લાખ કરોડ હતું.એક સરકારી અધિકારીના જણાવ્યા પ્રમાણે જીએસટી કલેકશનના આંકડા ચિંતાજનક છે ખાસ કરીને એટલા માટે કે ૨૪ માર્ચ સુધી બધા વેપાર-ધંધા ચાલતા હતાં. ૨૪ માર્ચે સરકારે દેશભરમાં લોકડાઉન જાહેર કર્યુ હતું.સામાનના ટ્રાન્સપોર્ટ પર લાગતો ઈ-વે બિલમાં માર્ચ દરમ્યાન ૩૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જે હવે માર્ચમાં ઘટીને ૮૦ ટકા સુધી નીચે ચાલ્યો ગયો છે. અત્રે એ નોંધનીય છે કે એક રાજયથી બીજા રાજયમાં ૫૦,૦૦૦ થી વધુનો સામાન મોકલાય તો ઈ-વે બિલની જરૂર પડે છે.કોરોનાને કારણે સરકાર પાસે રાહત પેકેજની માંગ થઇ છે આ દરમ્યાન ટેક્ષ કલેકશનમાં રેકોર્ડ ઘટાડો થતાં સરકાર ચિંતામાં મુકાઇ ગઇ છે. જો કે અધિકારીએ કહયું છે કે, ટેક્ષ કલેકશન વધશે કેમ કે માર્ચની રિટર્ન ફાઇલની તારીખ ૫ મે કરાઇ છે મે અને જુનમાં ટેક્ષ કલેકશનમાં ઘટાડો જોવા મળશે.

**ગુજરાતમાં કોરોનાના નવા 326 કેસ, કુલ 4,721**

**અમદાવાદમાં નવા 267 કેસ, કુલ 3,293**

**આજે મૃત્યુ 22, કુલ મૃત્યુઆંક 236**

# અખબારોને ૧૫૦૦૦ કરોડનું જંગી નુકસાનઃ સરકારી મદદની તાકીદે જરૂર : INS




ન્યુ દિલ્હી,તા.૧

વર્તમાન કોરોના લોકડાઉન દરમ્યાન દેશમાં સૌથી વધુ પ્રભાવિત વ્યવસાયોમાં અખબારી જગત ન્યુઝ પેપર ઈન્ડસ્ટ્રી પણ છે. છેલ્લા બે મહિના દરમ્યાન ભારતના ન્યુઝ પેપર ઈન્ડસ્ટ્રીને રૂ. ૪૦૦૦ થી ૪૫૦૦ કરોડનું નુકશાન થયું હોવાનો અંદાજ ''આઈએનએસ'' દ્વારા જાહેર કરાયો છે. વિવિધ અખબારોને કોરોના સંક્ટને કારણે પડી રહેલી આર્થિક મુશ્કેલીઓ અંગે સૌ પ્રથમ જીએનએસ ન્યૂઝ એજન્સીએ વિશેષ અહેવાલ ૩૧ માર્ચના રોજ રજૂ કર્યો હતો.

દેશના ૮૦૦ જેટલા અખબારોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ઈન્ડીયન ન્યુઝ પેપર સોસાયટી (INS) એ જણાવ્યું છે કે, કોરોના સંકટને કારણે આર્થિક ગતિવિધિ સાવ ઠપ્પ થઇ ગઇ છે. અને અખબારોને તેમના આધાર સમાન વિજ્ઞાપનો (એડવર્ટાઇઝમેન્ટ) એટલે કે જાહેરખબરો મળતી નથી. એવામાં જો સરકાર તરફથી કોઇ મજબુત આર્થિક પેકેજ કે પ્રોત્સાહન નહિ મળે તો અખબારોને થનારૂ નુકસાન આવતા ૬ થી ૭ મહિના સુધી ચાલુ રહી શકે છે. અને તે રૂ.૧૨૦૦૦ થી ૧૫૦૦૦ કરોડનું નુકસાન થઇ શકે તેમ છે.

આઇએનએસ દ્વારા જણાવ્યાં પ્રમાણે, ૩૦ લાખ લોકોને રોજગારી આપતી ન્યુઝ પેપર ઈન્ડસ્ટ્રીને ડૂબતી બચાવવા માટે તત્કાલ પગલાની માંગ કરવામાં આવી છે. જેમાં ન્યુઝ પ્રિન્ટ પર ૫ ટકાની આયાત ડયુટી દૂર કરવા અને ૨ વર્ષ સુધી ટેક્ષ માફ કરવાની બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સરકારી વિજ્ઞાપનોના રેટમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવે અને પ્રિન્ટ મિડીયા માટેના બજેટમાં ૨૦૦ ટકાનો વધારો કરવામાં આવે. સાથોસાથ વિજ્ઞાપનોનું પેન્ડીંગ ચુકવણુ પણ તત્કાલ કરવાની માંગણી કરવામાં આવી છે..

અત્રે એ નોંધનીય છે કે અખબારોની કોસ્ટનો મોટો હિસ્સો કાચા માલ સમમાન ન્યુઝ પ્રિન્ટ એટલે કે અખબારી કાગળ પર ખર્ચાય છે ગયા વર્ષે સરકારે તેના પર ૧૦ ટકાની કસ્ટમ ડયુટી લગાડી હતી. આ પહેલા તે ડયુટી ફ્રી હતી. અખબારો સહિત બીજા ઉદ્યોગોને અપાતી રાહતો વચ્ચે આઇએનએસએ કેટલીક વધુ જરૂરીયાતો ઉપર ભાર મૂકયો છે. આઇએનએસ દ્વારા રાજય સરકારોને પણ એવું સૂચન થયું છે કે રાજય સરકારો પણ અખબારો માટે હકારાત્મક વલણ અપનાવે. અને તે પણ આ દિશામાં વિચારે.

આઇએનએસના પ્રમુખ શૈલેષ ગુપ્તાએ કહયું હતું છે કે અખબારોને રોકડનું સંકટ અને ખોટને કારણે કર્મચારીઓના પગાર અને ફેરિયાને ચુકવણીમાં મુશ્કેલી પડી રહી છે. આ ઉદ્યોગમાં ૯ થી ૧૦ લાખ સીધે સીધી નોકરી કરે છે અને લગભગ ૨૦ લાખ લોકોને પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડે છે. આઇએનએસએ સરકારને કહયું છે કે અખબારો ૩ તરફથી સંકટમાં ઘેરાયેલા છે. કોરોના વાયરસ - વિજ્ઞાપનોની ઘટ અને ન્યુઝપ્રિન્ટ ઉપર કસ્ટમ ડયુટીના કારણે અનેક નાનાઅને મધ્યમ અખબારો બંધ થઇ ગયા છે તો અનેક અખબારોએ રોજના પાના ઘટાડી દીધા છે. લોકશાહીમાં ચોથી જાગીર સમાન એવા અખબાર ઉદ્યોગ જરૂરી આવશ્યક હોવા સેવા છતાં મોટા ભાગના અખબારો રોજ ખોટ સહન કરી રહ્યાં છે. આઇએનએસએ રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારનું એ બાબતે પણ ધ્યાન દોરતાં કહયું છે કે, વર્તમાન કોરોના મહામારી સંકટ દરમ્યાન અખબારો પોતાનું કર્તવ્ય મજબુતીથી નિભાવી રહ્યાં છે સંપાદીય, પ્રિન્ટીંગ, પ્રોડકશનના લોકો અને વિતરકો ખુદને જોખમમાં મુકીને અખબારી ધર્મ નિભાવી રહ્યાં છે. જેથી લોકો કોરોના સંકટમાં પોતાના ઘરોમાં સુરક્ષિત રહે અને તેમની પાસે સાચી અને સચોટ માહિતી આવે. જોવાનું એ છે કે અખબારોના સંગઠન દ્વારા આ જાહેરાત અને માગણી બાદ કેન્દ્ર સરકાર કેટલી ઝડપથી પગલા ભરે છે. નોંધનયી એ પણ છે કે જાણીતી સમાચાર એજન્સી જીએનએસ વાયર સર્વિસ દ્વારા સૌ પ્રથમ આ મુદ્દો અખબારોના હિતમાં સરકાર સમક્ષ ખાસ અહેવાલ દ્વારા રજૂ કર્યો હતો. ત્યારબાદ આઈએનએસ દ્વારા સરકારને એક મેમોરેન્ડમ આપીને અખબારોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે ધ્યાન દોર્યું હતુ. હવે જયારે અખબારોના સંગઠને નુકશાનીનો આંકડો દર્શાવ્યો છે ત્યારે સરકાર ઝડપથી પગલા ભરે અને ડીએવીપીને આદેશ આપે કે બાકી બિલોનું ચૂકવણું ઝડપથી કરે અને વિજ્ઞાપનોના દરમાં તાકીદે વધારો કરી આપે.

## તંત્રી સ્થાનેથી...

## રૂપાણી સરકારને સિંહનું કાળજું છે ખરું....? કે જે રાજસ્થાન સરકાર જેવા પગલા લઈ શકે.....?

આજે પહેલી ×મે× એટલે ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ ત્યારે એક વાત કે શબ્દોનો રસથાળ પીરસતો રહ્યો છુ,પરંતુ તટસ્થતા છોડી શકતો નથી, મારા શબ્દો લોકભોગ્ય ભાષા છે પણ ઘણાને સમજાતા નથી તો ઘણાંઓ ભૂલતા નથી અને લાઈક આપી વધાવે છે. ત્યારે મૂળ વાત કરીએ વિશ્વભરમાં કોરોના વાયરસ ફેલાવવા માટે અમેરિકા સહિત વિશ્વના દેશો ચીન તરફ આંગળી ચીંધી રહ્યા છે. ત્યારે ભારતમાં કોરોના ફેલાવા અંગે કોને દોષ આપીશું....? તેવા સવાલ આમ પ્રજામાં ગુંજી રહ્યા છે કારણ કે કોરોના બાબતે ભારત સરકારને સૌપ્રથમ રાહુલ ગાંધીએ ચેતવી હતી.... પરંતુ રાહુલ ગાંધી તો કોંગ્રેસના નેતા એટલે તેમની વાત અવગણવામાં આવી..... જોકે માત્ર કોંગ્રેસ જ નહીં પરંતુ ભાજપા ભારતના તમામ વિરોધ પક્ષોની અવગણના કરે છે.....! અછૂત ગણે છે.....!! તો બીજી તરફ સત્તા પ્રાપ્તિ માટે વિરોધ પક્ષના સભ્યોને જ ખેરવી લે છે અને મોટાભાગે કોંગ્રેસના સભ્યોને વધારેમાં વધારે ખેરવ્યા છે. અત્યારે દેશમાં ભાજપા કોંગ્રેસ યુક્ત પક્ષ બની ગયો છે. પરંતુ ભાજપાના નેતાઓની તકલીફ એ છે કે કોંગ્રેસના બુદ્ધિ માન નેતાઓની સલાહોને અવગણે છે કે તેમના અનુભવનો લાભ લેવાથી પણ દૂર ભાગે છે.... તેનું કારણ છે રાજનેતાઓ પોતાને સર્વજ્ઞ માને છે તે છે. જેના કારણે ભારતમાં કોરોના વાયલસ વરવુ રૂપ બતાવતો આગળ વધી રહ્યો છે....! રાજકારણીઓ કોરોના ફેલાવા માટે જે કારણો બતાવતા તે ભાજપા સરકારને સ્વીકાર્ય ન હતા.... પરંતુ હવે બુદ્ધિજીવીઓ અને તજજ્ઞો પણ કહે છે કે સૌથી મોટી ભૂલ એ હતી કે ચીનમાં કોરોના ફેલાવાની વાત જાણ્યા પછી ભારતમાં વિદેશમાંથી આવી રહેલા ભારતીયો કે કોરોના વાયરસ ફેલાવાની વાત જાણી ભારત ભાગી આવેલા શ્રીમંતો કે તેમના સંતાનો, એનઈરઆઈની મેડિકલ તપાસ જ કરવામાં આવતી ન હતી. કેન્દ્ર સરકારે એરપોર્ટ ઉપર મેડિકલ તપાસ માટેના સૂચનો જાન્યુઆરી ૧૭મીએ મૂક્યા પણ વિદેશથી આવનારાઓની કોઈપણ મેડિકલ તપાસ કરવામાં આવી ન હતી તેનું ઉદાહરણ છે જાણીને કનિકા કપૂર એ સિવાય ટ્રમ્પના કાર્યક્રમ સમયે અને એ પહેલા અનેક વિદેશથી આવી ગયા અને એ પણ વિશ્વના કેટલાક દેશોમાં કોરોના કેસો નોંધાયા પછી....! છતાં કેન્દ્રનું આરોગ્ય મંત્રાલય કહે છે કોરોનાથી ડરવાની જરૂર નથી આપણી પાસે તેને પહોંચી વળવા પૂરતી તૈયારી છે. હવે દેશભરમાં કોરોના વાયરસે અનેકોને ચપેટમાં લીધા છે તો અનેકને મોતના મુખમાં ધકેલી દીધા છે તે હકીકત જોઈને હવે આપણે કોની ભૂલ કહીશું......?

દેશમાં ખાસ કરીને ગુજરાત રાજ્યમાં જે પરિસ્થિતિ ઊભી થવા પામી છે તેમાં સરકારી તંત્ર અને મનપા તંત્રની ભૂલો સ્પષ્ટ રીતે આંખે ઊડીને વળગે છે. દેશભરના રાજ્યો પૈકી ગુજરાતમાં કોરોનાએ માણસ ખાઉ રાક્ષસ જવું રૂપ ધારણ કરી લીધું છે....! ૨૧૬ લોકોને ભરખી ગયો છે તો કોરોના સંક્રમિતોનો આંક ૫ હજારની સંખ્યાને ટચ કરવા આગળ વધી રહ્યો છે. ગુજરાતમાં ૯ જિલ્લાને રેડ ઝોનમાં મૂક્યા છે, ૧૯ જીલ્લાને ઓરેન્જ ઝોનમા અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં મૂકવામાં આવ્યા છે. રેડ ઝોનમાં અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, ગાંધીનગર, આણંદ, પંચમહાલ, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓને કેન્દ્ર સરકારે મૂક્યા છે.. કારણ કે કોરોના કેસોની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી છે. તેમાં પણ અમદાવાદમાં અગાઉ રેડ ઝોનમા જમાલપુર, દરિયાપુર, ખાડિયા, દાણીલીમડા, બહેરામપુરા અને શાહપુર હતા તેમાં વધુ ત્રણ વિસ્તારો અસારવા, સરસપુર અને ગોમતીપુર ઉમેરવામાં આવ્યા છે. આ વિસ્તારોનો મૃતાક ૧૪૯ પહોંચી ગયો છે અને કોરોના સંક્લમિતોનો આક ૩૦૩૬ નોંધાયો છે. જેને કારણે આરોગ્ય તંત્ર, અમદાવાદ મનપા તંત્ર અને સરકાર હક્કા બક્કા થઈ ગયા છે....! સરકારી તંત્ર ક્યાં ગોથા ખાઈ રહ્યું છે તે કોઈ ની પણ સમજમાં નથી આવતું.....!?

ગુજરાતના બુદ્ધિજીવીઓના અને હવે ઠરેલ તેમજ સમજદાર લોકોના કહેવા અનુસાર અમદાવાદ મનપા કમિશનરની ચેતવણી સાચી જ થવા જઈ રહી છે. કર્ફ્યુ સહિતના આકરા પગલાં લેવાની જરૂર છે. રાજ્યના શહેરોને રેડ, ઓરેન્જ ઝોનમાં મૂકવામાં આવ્યા છે ત્યાં તમામ વિસ્તારોમાં જે અતિ જરૂરી છે તે સેનેટાઈઝર કરવામાં નિષ્ફળ ગયા છે... તો કર્ફ્યુ વાળા વિસ્તારો અને ઓરેન્જ ઝોનમા સૌથી વધુ નિયમોનો ભંગ થઈ રહ્યો છે... પોલીસને પણ લોકો ગણકારતા નથી.... તેમજ કર્ફ્યુ છૂટમા મહિલાઓ ટોળાબંધ ખરીદી માટે ઉમટી પડે છે... જેના કારણે કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા વધુ ફેલાઈ શકે... જેની સમજનો લોકોમા અભાવ છે. ત્યારે મિઝોરમ રાજ્યનો દાખલો લઈ શાકભાજી સહિતની ચીજવસ્તુ વેચાણ માટે ડિસ્ટન્સ સ્પોટ નક્કી કરવા સાથે નિયમોનુ કડકાઈથી અમલ કરાવવો જોઈએ. તેમા તંત્ર નિષ્ફળ ગયુ છે તેમ કહેવુ અતિશયોક્તિ નથી......! ટૂંકમાં રાજસ્થાનની સરકારે કર્ફ્યુ સહિતના લોકોને ન ગમતા જે પણ કડવા પગલા લેવા જરૂરી હતા તે લીધા અને ત્યા લોકોને અત્યારે શાન્તિ છે.અત્યારે ગુજરાતમા પણ રાજસ્થાન સરકાર જેવા પગલા લેવા જરૂરી છે... પણ તે માટે રૂપાણીજીએ કલેજુ કઠણ કરવું પડશે... તે સાથે વીજળી બિલ, શિક્ષણ ફી, મ્યુ.ટેક્ષ વગેરે ત્રણ માસના સંપૂર્ણ માફ કરવા પડશે...અને એના માટે સિંહનું કલેજું જોઈએ. રૂપાણી સરકાર આ માટે ૫૬ ની છાતી બતાવી શકશે....? રૂપાણી સરકાર વારંવાર સંવેદનશીલ સરકાર હોવાનુ રટણ કર્યા કરે છે ત્યારે જમીની સ્તરે ઉતરવાની ઝરૂર છે.... ગરીબ, મજૂરો,લોઅર મધ્યમવર્ગ અને મધ્યમ વર્ગ સુધી સરકારી સહાય કે અનાજ પુરેપુરૂ દરેકને પહોચ્યુ છે ખરું......? આ રેશન અનાજ બાબતે વડાપ્રધાનશ્રીના ભાઈ પ્રહલાદભાઈએ રૂપાણી સરકાર પર આક્ષેપો મૂક્યા છે જેના વિડીયો પણ વાઈરલ થયા છે. રૂપિયા ૧ હજારની કાર્ડ ધારકોને આર્થિક સહાય આપવાની જાહેરાત કરી પણ રેશન પરવાનેદારો એવું કહીને અરજી કે પુરાવા લેવાનો ઈનકાર કરે છે કે રેગ્યુલર રેશન અનાજનો લાભ લેતા હોય તેના માટેજ આ યોજના છે... તો આવો ભેદભાવ શા માટે.....? ત્યારે સવાલ એ ઉઠવા પામ્યો છે કે ખરેખર સાચા અર્થમાં રૂપાણી સરકાર સંવેદનશીલ છે ખરી.....?! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૨/૦૫/૨૦૨૦, શનિવાર, વૈશાખ સુદ-૯
સૂર્યોદય-૬-૧૬, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

૭-૫૨ થી શુભ-૯-૩૦ સુધી, ૧૨-૪૪ થી ચલ-લાભ-અમૃત-૧૭-૩૫ સુધી, ૧૯-૧૩ થી લાભ-૨૦-૩૫ સુધી, ૨૧-૫૮થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૬ સુધી

- શુભ હોરા-

૭-૨૦થી ૮-૨૫ સુધી, ૧૦-૩૪ થી ૧૩-૪૯ સુધી, ૧૪-૫૪ થી ૧૫-૫૮ સુધી, ૧૮-૦૮ થી ૨૧-૦૩ સુધી

### એપ્રિલ ૨૦૧૯માં કંપનીએ દેશમાં ૧,૩૪,૦૬૮ કારનું વેચાણ કર્યુ હતું

# ઈતિહાસમાં પ્રથમ વખત ગયા મહિને મારુતિ સૂઝુકીની એક પણ કારનું વેચાણ ન થયું

ન્યુ દિલ્હી,તા.૧

ભારતીય ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં એવું પહેલીવાર થયું છે કે, જ્યારે દેશની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકીએ ગયા મહિને દેશમાં એક પણ કારનું વેચાણ નથી કર્યું. તેની પાછળનું કારણ દેશમાં લાગુ લોકડાઉન છે. દેશવ્યાપી લોકડાઉનના કારણે એપ્રિલ મહિનાથી કંપનીના તમામ શોરુમ બંધ છે અને લોકો પણ પોતાના ઘરોમાં કેદ છે. ઉપરાંત સરકારની ગાઈડલાઈન પ્રમાણે કંપનીના તમામ પ્લાન્ટ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. માત્ર કંપનીના ઈતિહાસમાં જ નહીં પણ દેશના ઈતિહાસમાં પણ આ પ્રથમ ઘટના છે, કે એક મહિનો સુધી કોઈ કારનું વેચાણ નથી થયું.

એક તો દેશની ઓટોમોબાઈલ ઈન્ડસિટિરી પર મંદીના વાદળો છવાયેલા હતા, તેવામાં આ લોકોડાઉનના કારણે તેની કમર સંપૂર્ણ રીતે તૂટી ગઈ છે. મારુતિ સુઝુકીએ ૨૨ માર્ચથી જ પોતાના પ્લાન્ટ બંધ કર્યા છે. માર્ચ મહિનાથી જ કંપનીના વેચાણમાં ઘટાડો નોંધાયો હતો. માર્ચ મહિનામાં ભારતમાં કંપનીનું વેચાણ ૪૭.૭ ટકા ઘટ્યું હતું. જેનાથી એપ્રિલ મહિનામાં વેચાણ નહીં થાય તે વિશેનો અંદાજ આવ્યો હતો. સામાન્ય દિવસોમાં મારુતિ સુઝુકી દર મહિને ૧,૫૦,૦૦૦ કાર બનાવે છે. કંપની ભઆરતની બહાર પણ કારની નિકાસ કરે છે. એપ્રિલમાં કંપનીએ એક પણ કાર નથી વેચી, પરંતુ મુદ્રા બંદરેથી ૬૩૨ કારની નિકાસ કરી છે.

એપ્રિલ ૨૦૧૯ની વાત કરીએ તો કંપનીએ દેશમાં ૧,૩૪,૦૬૮ કારનું વેચાણ કર્યુ હતું. જો તેમાં નિકાસ કરેલી કારની ગણતરી પણ કરવામાં આવે તો એપ્રિલ ૨૦૧૯માં વેચીલી કારનો આંકડો ૧,૪૩,૨૪૫ થાય છે. મળતી માહિતી પ્રમાણે હવે કંપની મે મહિનાથી પોતાના કેટલાક પ્લાન્ટમાં ઉત્પાદન્ન શરુ કરી શકે છે. તેમાં પણ શરુઆતમાં તો મર્યાદિત માત્રામાં જ ઉત્પાદન શરુ કરશે.

# કોરોના સંકટઃ વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મિટિંગ યોજાઈ

ન્યુ દિલ્હી,તા.૧

કોરોના સંકટ અને લોકડાઉન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, રેલવે મંત્રી પીયૂષ ગોયલ, નાણામંત્રી નિર્મલા સીતારામણ, ઝઢજી જનરલ બિપિન રાવત સહિત ઘણા અધિકારી હાજર રહ્યા હતા. મળતી માહિતી પ્રમાણે આ બેઠકમાં લોકડાઉનના બીજા તબક્કાની સમીક્ષા કરાઈ હશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે આ બેઠકમાં ૩ મે પછી સરકારની રણનીતિ અને ૪ મેથી કેવી કેવી છૂટ છાટ આપવામાં આવશે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આગામી બે દિવસની અંદર ગૃહ મંત્રાલયની નવી ગાઈડલાઈન પણ આવી શકે છે, જેમાં કયા ઝોનમાં શું છૂટ આપવામાં આવશે તેની વિગતો હશે.

મહત્વનું છે કે લોકડાઉનનો બીજો તબક્કો ૩ મેના રોજ ખતમ થઈ રહ્યો છે અને દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ૩૫ હજારને પાર કરી ગયો છે. એવામાં સરકાર સામે મોટો પડકાર સંક્રમણને રોકવાનો છે. કેન્દ્રીય મંત્રીઓ અને અધિકારીઓ સાથે બેઠક પહેલા વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રીઓ સાથે વાત કરી હતી.

# કોરોના મેયર માટે ખતરો બની જાય તેનું ધ્યાન કોણ રાખશે?

કેન્દ્ર સરકાર ધ્વારા ગાંધીનગર જિલ્લાને રેડ ઝોન જાહેર કરી દેવાયો છે ત્યારે કવોરોન્ટઈન પિરિયડમાં ઘરમાં રેહવાની સ્પષ્ટ સૂચનાઓને ઘોળીને પી જઈ ગાંધીનગરના પ્રથમ નાગરિક મેયર રીટાબેન કેતનકુમાર પટેલ ગુરુવારે કોરોના પોજીટીવ કેસ મળી આવતા પ્રસિધ્ધીના મોહમાં સેક્ટર ૨૪ ખાતે પહોંચી ગયા હતા. કોવિડ ૧૯ કેસોનો આંકડો ગાંધીનગરમાં કૂદકેને ભૂસકે વધી રહ્યો છે જેના પગલે કેન્દ્ર સરકાર ધ્વારા એડવાઈજરી બહાર પાડી ગાંધીનગર સહિત ગુજરાતના નવ જિલ્લાને રેડ ઝોન જાહેર કરી દેવામાં આવ્યા છે.કોરોના સામેની લડતમાં કોરોના કેસ મળી આવે તો સંક્રમિત દર્દીની સંપર્કમાં આવેલ તમામ લોકોને હોમ કવોરોન્ટઈન રહી ઘરની બહાર નહીં નીકળવાની કડક સૂચનાઓ પણ કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવેલી છે. હાલમાં ગાંધીનગર મેયર રીટાબેન કેતનકુમાર પટેલને પણ આરોગ્ય વિભાગ ધ્વારા હોમ કવોરોન્ટઈન રેહવાની સૂચનાઓ આપવામાં આવી છે. તાજેતરમાં ગાંધીનગર સેકટર ૧૧ ખાતે સાંસદ અમિત શાહના નામે અનાજ વિતરણનો કાર્યક્રમ મેયર રીટાબેન ના નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો.જેમાં સોશિયલ ડીસ્ટન્સી તેમજ ૧૪૪ કલમના કાયદાનું છડેચોક ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ત્યારે આ કાર્યક્રમનું કવરેજ કરવા ગયેલા એક ખાનગી ચેનલના પત્રાકારનો કોરોના રિપોર્ટ પોજીટીવ આવતા હડકંપ મચી જવા પામ્યો હતો. પત્રાકારને કોરોના પોજીટીવ આવતા જ આરોગ્ય વિભાગ ધ્વારા કાર્યક્રમ દરમિયાન હાજર તમામ લોકોને હોંમ કવોરોન્ટઈન રેહવાની સૂચનાઓ આપવામાં આવી હતી.ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગ્રુહ મંત્રી અમિત શાહ ધ્વારા વોર્ડ મુજબ માંગ્યા મુજબ જરૂરી કરિયાણું મોકલી આપવા માટેની જાહેરાત કરાતા જ ગાંધીનગર મેયર રીટાબેન કેતનકુમાર પટેલ, ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાઘર, સ્ટેન્ડીગ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપા પ્રમુખ દેવેન્દ્રસિંહ ચાવડા,કોર્પોરેટરો સહિત વોર્ડ પ્રમુખો મોટી સંખ્યામાં સેક્ટર ૧૧ ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા પરંતું આ કાર્યક્રમ અંતર્ગત સંપર્કમાં આવેલ પત્રાકારને કોરોના પોજીટીવ આવતા ઉપરોક્ત તમામના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.ગાંધીનગરના પત્રાકારને સારવાર હેઠળ મોકલી આપી આ કાર્યક્રમમાં ઉપસ્થીત તમામને હોંમ કવોરોન્ટઈન કરી દેવામાં આવ્યા હતા. બીજી તરફ ગાંધીનગરના સેક્ટર ૨૪ ખાતે કોરોનાનો કેસ મળી આવતા ગુરુવારે ગાંધીનગર ને શિખામણ આપનાર મેયર રીટાબેન પટેલ પોતાની રાજકીય ભૂખ સંતોષવા આરોગ્ય વિભાગની સૂચનાઓને ઘોળીને પી જઈ ગુરુવારે સેક્ટર ૨૪ વિસ્તારમાં પહોંચી ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. . ગાંધીનગર મેયર હોંમ કવોરોન્ટઈન હોવા છતાં સેકટર ૨૪ વિસ્તારમાં ફરતા ત્યાંના રહીશોમાં એક સમયએ ફફડાટ વ્યાપી ગયો હતો. કોવિડ ૧૯ ના કહેર વચ્ચે કાયદાનો અવારનવાર ભંગ કરી પોતાની રાજકીય પ્રસિધ્ધી મેળવવાનો હીન પ્રયાસ કરનાર મેયર રીટાબેન કેતનકુમાર પટેલ હોંમ કવોરોન્ટઈન હોવા છતાં સેક્ટર ૨૪ વિસ્તારમાં પહોંચી જતાં સ્થાનિક વસાહતીઓમાં ફિટકારની લાગણી વ્યાપી ગઈ છે. બીજી તરફ મેયર રીટાબેન તેમજ તેમના પતિદેવ કેતનકુમાર પટેલ હાલના સંજોગોમાં પણ કોર્પોરેશન ઓફીસ આવતા હોય કર્મચારીઓમાં પણ ફફડાટ સાથે ગણગણાટ શરૂ થઈ ગયો છે.પરંતુ કોર્પોરેશનમાં મહત્વનું પદ ધરાવતા મેયર રીટાબેન તેમજ તેમના નામે કોર્પોરેશનમાં આવતા મેયરના પતિ કેતનકુમાર વિરુધ કોઈ ફરિયાદ કરી તેમના રોષનો ભોગ બનવાના ડરથી બધાએ ચુપકીદી સાધી લીધી હોવાનું કોર્પોરેશનના સૂત્રોએ જણાવ્યું હતું. રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ હોંમ કવોરોન્ટઈન કરાયેલી વ્યક્તિ જાહેરમાં ફરતી જણાઈ આવે તો કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોંય છે. પરંતુ ગાંધીનગરના મેયર હોવાના કારણે પોતાની હોદ્દાની રૂહે મેયર રીટાબેન તમામ કાયદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને સામાન્ય માણસને કાયદાના પાઠ ભણાવામાં આવી રહ્યા છે. ત્યારે મેયર સહિત ભાજપાના હોદેદારો શહેરમાં બેખોફ ફરી રહ્યા છે તો સૌ પ્રથમ તેમની સામે જ કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ તેવી પણ માંગણી ઉઠવા પામી છે. એક તરફ રાજય સરકાર કોરોનાના જંગ સામે લડવા અથાગ પ્રયત્નો કરી રહી ત્યારે મેયર રીટાબેન કેતનકુમાર પટેલ જ ગાંધીનગરમાં બિન્દાસ રીતે ફરીને કોરોનાને છૂપી રીતે આમંત્રણ આપી રહ્યા હોંય તેવી ભીતિ સેવાઈ રહી છે.

## દેશમાં કોરોનાથી મૃત્યુ પામનારા દર્દીઓમાં ૬૦ વર્ષ કરતા નીચી ઉંમરના દર્દીઓની સંખ્યા વધી

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કારણે ૧,૧૪૦ કરતા વધુ લોકોના મોત થઈ ગયા છે. દેશમાં કોરોનાના આંકડા વધી રહ્યા છે જેને રોકવા માટે પણ લોકડાઉન સહિતના પગલા ભરવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે કોરોનાના કારણે દેશમાં મૃત્યુ પામનારા લોકોમાં ૫૧.૨ ટકા લોકોની ઉંમર ૬૦ વર્ષ કરતા નીચી આવી છે. આ આંકડો ચિંતા વધારી રહ્યો છે.કોરોના વાયરસના દર્દીઓમાં ૪૨ ટકા દર્દીઓની ઉંમર ૬૦ થી ૭૫ વર્ષની હતી.

# મહારાષ્ટ્રમાં પ્લાઝમા થેરપીથી સારવાર લેનારા પહેલા કોરોના પોઝિટિવ દર્દીનું મોત

મુંબઈ,તા.૧

દિલ્હીમાં ભલે પ્લાઝ્મા થેરાપીનાં પરિણામો સકારાત્મક રહ્યા છે પરંતુ મહારાષ્ટ્રમાં પ્લાઝ્મા થેરાપી લેનારા પ્રથમ દર્દીનું મોત કોરોના વાયરસથી થયું છે. આ સમાચાર દરેક માટે ચોંકાવનારા છે કારણ કે પ્લાઝ્મા થેરાપીને કોરોના ચેપ માટે અસરકારક સારવાર તરીકે જોવામાં આવતી હતી. મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં એક ૫૩ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, એક ૫૩ વર્ષીય વ્યક્તિને કોરોના ચેપની ફરિયાદનાં આધારે મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેની સારવાર માટે પ્લાઝ્મા થેરાપીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મહારાષ્ટ્રનો આ પ્રકારનો પહેલો કોરોના સંક્રમિત કેસ હતો જેની સારવાર માટે પ્લાઝ્મા થેરાપીની મદદ લેવી પડી. હોસ્પિટલનાં સીઈઓ ડૉ.રવિશંકરે જણાવ્યું હતું કે, ૨૯ એપ્રિલે સારવાર દરમિયાન દર્દીનું મોત નીપજ્યું હતું.

હોસ્પિટલનાં સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે દર્દીની હાલત ખૂબ જ નાજુક હતી. તેને આઈસીયુમાં રાખવામાં આવ્યો હતો અને તેની સારવાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. સારવારમાં વિલંબ થતાં તેને શ્વાસ લેવાની તકલીફ પડી રહી હતી. તેને એક્યૂટ રેસ્પીરેટરી ડિસ્ટ્રેસ સિંડ્રોમ અને ન્યૂમોનિયા હતો. ડૉકટરોએ પ્લાઝ્મા થેરાપી દ્વારા પણ સારવાર કરી જોઇ, જે નિષ્ફળ સાબિત થઈ.

# રશિયાના વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિન કોરોના વાયરસથી સંક્રમિત



મોસ્કો,તા.૧

રશિયામાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. હવે દેશના વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિન પણ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. ત્યાંજ દેશમાં ગુરુવાર સુધી એક લાખ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે અને મૃત્યુઆંક ૧૦૦૦ને પાર પહોંચ્યો છે. અગાઉ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન પર કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા હતા.

આ વર્ષે જાન્યુઆરીમાં વડાપ્રધાન પદ માટે ચૂંટાયેલા મિખાઈલનો કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો જે ગુરુવારે પોઝિટિવ આવ્યો છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે ટેલિવિઝન પર બ્રોડકાસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં મિખાઈલે આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે, તેઓ હાલ વડાપ્રધાન પદ પરથી હટી રહ્યા છે. તેમણે આંદ્રે બેલુસોવને કાર્યકારી વડાપ્રધાન બનાવવાની સલાહ આપી હતી જેને પુતિને માની લીધી હતી.અગાઉ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન પણ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા હતા. જો કે હવે તેઓ સાજા થઈ ગયા છે અને કામ પર પરત ફરી ગયા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના ૩૨,૩૨,૬૧૨ કેસ નોંધાયા છે. જ્યારે ૨,૩૦,૧૧૯ લોકોએ આ જીવલેણ બીમારીને કારણે જીવ ગુમાવ્યા છે.


"નાટક"યાને નથી ટકવાનું જે થયુ વિશ્વમાં
કોરોના વાયરસ પણ ચાલ્યો જશે
ટૂંકમાં
બચપણ વિતાવ્યુ ભોળપણ મહીં
આવી જુવાની સ્હેજમાં
દુખના દિવસો વિતાવ્યા સહુએ
સુખ પામ્યા સહજમાં
આવતાં ઘડપણ શરીર શિથીલ થયું
અંગનાં કાર્ય નિસ્તેજ બન્યાં
હતા જે ભેરુ સગા સ્નેહી જીવનમાં
છુટ્યા રુઠ્યા કોઈ સાથ છોડી ગયા
જેમ ખિલ્યું લીલુ તરુવર વસંતમાં
ખરતાં પર્ણ સુકાયું પાનખર માં
દાદા પર દાદા એ જગ્યા કીધી
પુત્ર પરિવાર કેરી વ્યવસ્થામાં
હતું એકચક્રી શાસન કોંગ્રેસ નું
સત્તા ચલાવી એન્ટોનિયાએ ભારતમાં
ચ્હા ની કિટલી ફેરવતો એક જુવાન
નરેન્દ્ર વડાપ્રધાન વર્ચસ્વ છે વિશ્વમાં
છે નિયમ કુદરત તણો ખિલ્યુ તે કરમાય
ના ટકે જે સદાય તેને "નાટક" કહેવાય
"મન" કેનેડા ૦૧-૦૫-૨૦૨૦



મિનાક્ષી મેમોરિયલ દ્વારા આપવામાં આવેલ નિરમા (કપડાં ધોવા,ન્હાવા ના તથા પાવડર) ની કીટ સમાજ ના સાચા સ્વચ્છતા ના સેવક ને આજે આપવામાં આવેલ છે..આભાર નિશિતભાઈ વ્યાસ સાહેબ કોંગ્રેસના કોર્પોરેટર હિરલ.ઉપૅલકુમાર જોષી,રાકેશ પટેલ, જયરાજસિંહ વાધેલા, ઉર્મીલાબેન વર્મા તથા વોર્ડ નાં જાગૃત દિપકસિંહ, યોગેશ ભાઈ, સેહજાદ ભાઈ, ચિંતનસિંહ,કોગ્રેસ ઉપપ્રમુખ ઉપૅલ જોષી.....શહેર સ્વછ આપણે સહુ સ્વસ્થ

# ગાત્રો ભલે થીજી જાય..પણ માનવતા ના શ્રદ્ધા નો સૂરજ ક્યારેય આથમતો નથી...

આજે વિશ્વમાં જયારે કોરોનાવાયરસ દ્વારા મહામારી સર્જાઈ છે ત્યારે વિશ્વ આખા ને મુસીબતે બાન માં લીધું છે ત્યારે આવા માઠા સમયમાં માણસ તમામ બાબતે લાચાર થઈ ગયો છે ત્યારે માણસને કોઈ ઉપાય મળી રહ્યો નથી એવામાં અનેક જગ્યાએથી અનેક પ્રાંતમાંથી લોકો ગુજરાત તેમજ સુરત ખાતે પોતાની રોજી રળવા અનેક લોકો આવતા હોય છે તેમાં આ મહા મારીના સમયે સારાયે લોકોને જાણે સ્થિર કરી આપણા માનનીય વડાપ્રધાને લોક ડાઉન જાહેર કરતા કેટલાય લોકોની ગતિ અટકી ગઈ હતી તેવામાં રોજનું લઈ રોજનું ખાતા શ્રમિકો મુશ્કેલીમાં મુકાઈ ગયેલા તેવામાં ફરિશ્તા ના રૂપમાં આવા શ્રમિકોના પેટનો ખાડો પુરવા માટે અનેક સંસ્થાઓએ પોતાનું યોગદાન આપી અનેક લોકોને જમવાનું આપ્યો માસ્ક આપ્યા સેનેટાઈઝર આપ્યા તેમજ જમવાની સુવિધાઓ માટે પણ કીટનું વિતરણ કર્યું આવા જ એક ફરિશ્તા ની વાત કરું તો રાજેન્દ્રસિંહ મોહનસિંગ શેખાવત નામના દિલેર દાતાર દ્વારા એક થી લઈ અનેક લોકોને જાણે ભગવાન મળી ગયા કેમકે આ વ્યક્તિ લોક ડાઉન થતાની સાથે જ અનેક લોકો માટે સવાર-સાંજ રસોડું ચલાવી રોજના ૪૦૦૦ લોકોની આસપાસ શ્રમિકો તેમજ મધ્યમ વર્ગને ખાવાનું પહોંચાડવાનો સુરત ખાતે નો મોટો રેકોર્ડ તોડ્યો છે ખાલી જમવાનું જ નહીં પરંતુ લાંબો હાથ ન કરી શકનાર મધ્યમ વર્ગના પણ મસીહા બન્યા તેમને જ્યાં પણ ભૂખ્યા અને લાચાર લોકો દેખાય ત્યાં તેને જમવાનું અને કીટ માત્ર બે જ કલાકમાં પહોંચાડનાર રાજેન્દ્રસિંહ શેખાવત ધન્યતા ને પાત્ર છે રાજેન્દ્રસિંહ શેખાવત એક ફોન આવતા તરત જ સમસ્યા નો હલ કરી લોકોને જમવાનું પહોંચાડે છે





આજે જ્યારે હજુ લોક ડાઉન ચાલુ છે ત્યારે તેમનું રસોડું પણ ચાલે છે કોઈપણ પાસેથી કઈ પણ માંગ્યા વગર લોકોની ભૂખને શાંત કરનાર રાજેન્દ્ર ભાઈ એ લોકોને ખાવાનું પણ ગુણવત્તાસભર આપેલું છે તેના ખાવાનું મેનુ પણ સરસ અને પૌષ્ટિક હોય છે આ વાત કરતા એ લાભાર્થી જ્યોત્સના બેન ચૌહાણ કહ્યું કેમ એ જ્યારે રાજેન્દ્ર ભાઈ ને કહ્યું કે અમે મુસીબતમાં છીએ તરત જ રાજેન્દ્ર ભાઈ વાર ના લગાડતા અમને જમવાનું મોકલી આપ્યું અને એ પણ આપણા ઘર કરતા પણ સરસ અમે રાજેન્દ્ર ભાઈ ને લાખો દુવા ઓ આપીએ છીએ રાજેન્દ્ર ભાઈ ત્યારથી અમને બપોર અને સાંજનો જમવાનું સંતોષકારક પહોંચાડે છે આપણને સંતોષ થાય તેવું મેનુ હોય છે તેમના મેનુમાં શાક પુરી શાક રોટલી દાલ બાટી ખીચડી ખીર પુરી ભજીયા મિક્સ વેજ હલવા પુરી મસાલા ખીચડી પ્લેન ખીચડી મટર પુલાવ વેજ બિરયાની લીટી ચોખા પુરી ભાજી કઢી ખીચડી છોલે ભટુરે અને હજુ પણ ઘણું જ મેનુ તેમનું છે.દરરોજ શાક ચેન્જ કરીને બનાવે છે આ ભાઈ બિઝનેસમેન છે તેઓ ઈલેક્ટ્રોનિક શો રૂમ હોટેલ મંડપ સર્વિસ બિલ્ડર તેમજ બ્રિજ ડેપો વગેરે બિઝનેસ સાથે જોડાયેલા છે કહેવાની વાત એ છે કે સુરતમાં તો બિઝનેસમેનની કમી નથી પરંતુ બધા જ તો રાજ શેખાવત ન હોય ને આ ભાઈએ કેટલાય લોકોને ખવડાવ્યું તેમજ હજુ સુધી કોઈને પણ ના નથી કે જેઓને જરૂરિયાત છે આવો દાતાર જ સાચો બિઝનેસમેન કહેવાય સુરત તો દાતાર ની ભુમી છે પરંતુ દાનનો ભોમિયો તો કોઈક જ હોય શકે રાજેન્દ્ર શેખાવત ધન્યતા ને પાત્ર છે તેઓ સુરતના અડાજણ ખાતે રહે છે આવા દાતાઓ દ્વારા જ ભારતની ભૂમિ સ્થિર છે આ ભાઈને નાતો રાજકારણનો મોહ છે ન કોઈ દેખાદેખી નડે છે. ના કોઈ બીજી વસ્તુ નથી પરંતુ તેમણે તો દિલથી બધાને સહાય કરી છે એ કોઈ પક્ષમાં નથી એ બિલકુલ નિષ્પક્ષ નિસ્વાર્થ પ્રેમથી લોકોને જમાડી રહ્યા છે આવા માઠા સમયને ચપટી માં ભરી ને દુઃખને આમ ફેકી દેતા માનવીએ ભગવાનથી જરાય કમ નથી તો તેના વિશે બે શબ્દ, તો હોવા જોઈએ હે દાતાર તારા વગર આ ભૂમિ માં ભગવાન તો જોવા નથી મળ્યો, ભૂખ્યાને ભોજનના રૂપમાં તું મળ્યો એક રાજેન્દ્ર શેખાવત તમને નમન છે તમારા દેશપ્રેમને બસ આવી જ રીતે દેશને પ્રેમ કરતા રહો દેશને જ્યારે જરૂર હોય અત્યારે બેન્કમાં નહીં પરંતુ લોકોના પેટમાં અન્ન નાખતા રહો એ જ સહાય છે આ સહાય કેમ ભૂલી શકાય ભગવાન તમને આવી દાતારી આપે ભગવાન તમને સ્વસ્થ રાખે..અહેવાલ: શોભના જયંતીભાઈ કાકડિયા સુરત

# કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અરજણભાઈ ડાંગર નિવૃત્ત થતાં યોજાયો વિદાય સમારંભ

કેશોદ

કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અરજણભાઈ ડાંગર વયમર્યાદા ને કારણે નિવૃત્ત થતાં આજરોજ ડીવાયએસપી ગઢવી ની અધ્યક્ષતા માં વિદાય સમારંભ યોજાયો હતો. ગુજરાત પોલીસ દળમાં વર્ષ ૧૯૮૬ માં નિમણૂંક મેળવીને સૌરાષ્ટ્રમાં જુનાગઢ, વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર,ઉના, કેશોદ અને ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી હતી. કેશોદ પોલીસ સ્ટેશન નાં હેડ કોન્સ્ટેબલ અરજણભાઈ ડાંગર પોતાની ફરજ દરમ્યાન નિષ્ઠા અને જાંબાજ પોલીસકર્મી તરીકે સમગ્ર સોરઠમાં જબ્બર લોકચાહના પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત પોલીસ નું ગૌરવ વધાર્યું હતું. કેશોદ પોલીસ સ્ટેશન નાં ડિવાયએસપી ગઢવી અને પીઆઇ ભાટી પીએસઆઇ બાલસ સહિતના



પોલીસ કર્મચારીઓ તેમજ ચેમ્બર ઓફ કોમર્સ નાં મંત્રી અશોકભાઈ રાયચટ્ટા, મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર તેમજ સુધરાઈ સભ્ય અરવિંદભાઈ મણવર સહિતના આગેવાનો હાજર રહ્યા હતાં. નિવૃત્તિ મેળવનારા અરજણભાઈ ડાંગર ને અધિકારીઓ અને મહેમાનો દ્વારા હારતોરા કરીને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતાં. હેડ કોન્સ્ટેબલ અરજણભાઈ ડાંગર ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે ધાણકીયા ગામમાં થી અગીયાર કિલો સોનાના સિક્કા ઝડપી પાડયા હતા ત્યારે કોઈ ની શેહશરમ રાખ્યા વગર કરેલી કાયદાકીય કાર્યવાહી થી ઉચ્ચ અધિકારીઓ એ પ્રોત્સાહિત કર્યા હતા અને ગુજરાત પોલીસ નું ગૌરવ વધાર્યું હતું . હેડ કોન્સ્ટેબલ અરજણભાઈ ડાંગર નિવૃત્ત થતાં જણાવ્યું હતું કે ભાગદોડ ભરી નોકરી પુર્ણ થયા બાદ હવે પરિવાર સાથે સમય વિતાવાની સાથે માદરે વતન કેશોદ શહેરમાં સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓ માં જોડાઈ ચોત્રીસ વર્ષ બજાવેલ ફરજ દરમ્યાન મેળવેલ અનુભવો નો સદુપયોગ કરવાનો નિર્ધાર કર્યો છે.

# ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને ઓન લાઈન અરજી કરવાની તા.૩૧ મે, ૨૦૨૦ સુધી લંબાવાઈ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસના કારણે બાગાયતદાર ખેડૂતોને ઓન લાઈન અરજી કરવાની સમયમર્યાદા તા. ૩૧મી મે, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે, તેવું ગાંધીનગર જિલ્લાના નાયબ બાગાયત નિયામક શ્રી ડી.જે.પટેલેજણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના નાયબ બાગાયત અધિકારી શ્રી ડી.જે.પટેલે વધુમાં જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વ સહિત ભારતમાં કોરોના વાયરસનો હાહાકાર છે. કોરોના વાયરસને નાથવા માટે સમગ્ર દેશ સહિત ગાંધીનગરમાં લોક ડાઉન કરવામાં આવ્યું હતું. જેના કારણે ગાંધીનગર જિલ્લાના અનેક બાગાયતદાર ખેડૂતો દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ – ૨૦૨૦-૨૧ ની સહાય માટેની ઓન લાઈન અરજી કરી શક્યા નથી. તેવું જાણ પર આવતાં રાજય સરકારની બાગાયત ક્ષેત્રાની વિવિધ યોજનાનો વધુમાં વધુ ખેડૂતો લાભ લઈ શકે તેવા ઉમદા આશયથી અરજી કરવાની તા. ૩૧મીમે, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે.

બાગાયતદાર ખેડૂતો આ તારીખ સુધીમાં`-khedut protal (web site : www.ikhedut.gujarat.gov.in) માં ઓનલાઈન અરજી કરી શકશે. સંબંધિત યોજનાની ઓનલાઈન અરજી જે તે ગ્રામ્ય કક્ષાએથી અથવા તો interné ના માધ્યમથી કરી શકાશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે અરજી લોક ડાઉન ખુલેથી સમયસર નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સી-બ્લોક, સહયોગ સંકુલ, સેકટર-૧૧ ગાંધીનગર ખાતે રજૂ કરવાની રહેશે.

વિવિધ યોજનાઓની વિગતો ઉપરોક્ત પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. જેની સર્વે ખેડૂતોને નોંધ લેવી અને વધુ માહિતી માટે અત્રેની કચેરીનો રૂબરૂમાં અથવા ફોન નંબર – ૦૭૯-૨૩૨ ૫૭૭૬૦ અથવા email : dydir-bag-gnr@gujarat.gov.in૫ર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

## એમસીએક્સે ક્રૂડ તેલના વાયદા પર ૧૦૦ ટકા માર્જિન લાદ્યું

# નેગેટિવ પ્રાઈઝિંગ માટે એક્સચેન્જના નિર્ણયને રોકવા કોર્ટનો ઈન્કાર

ભારતના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર શુક્રવારે ૧લી મેના રોજ મહારાષ્ટ્ર દિન નિમિત્તે પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યા હતા, જયારે બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા. એક્સચેન્જે ક્રૂડ તેલના વાયદા પર ૧૦૦ ટકા માર્જિન લાદ્યું છે. આ ઉપરાંત નેગેટિવ પ્રાઈઝિંગ માટે કોર્ટે એક્સચેન્જના નિર્ણયને રોકવાનો ઈન્કાર કર્યો છે.

દરમિયાન, કોમોડિટી વાયદા બજાર એમસીએક્સે ક્રૂડ તેલમાં વાયદા ઉપર ૧૦૦ ટકાનું પ્રારંભિક માર્જિન લાદવાની જાહેરાત કરી છે. એક્સચેન્જે એક પરિપત્રમાં જણાવ્યું હતું કે, હાલમાં ચાલુ છે એ વાયદા અને આગામી સમયમાં જે નવા વાયદા શરૂ થાય એ તમામમાં પ્રારંભિક માર્જિન ૧૦૦ ટકા લાગુ પડશે. ક્રૂડ તેલના એપ્રિલ વાયદામાં નેગેટિવ સેટલમેન્ટ થયા બાદ ઊભી થયેલી કટોકટીને ભવિષ્યમાં ટાળવા માટે પણ એક્સચેન્જે આ ૧૦૦ ટકાનું માર્જિન લાદ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ક્રૂડ તેલનાં નેગેટિવ પ્રાઈઝિંગ માટે મોતીલાલ ઓસવાલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિ. મુંબઈ હાઈકોર્ટમાં અને એલ્યુમિનિયમ એલોય એલએલપી દિલ્હી હાઈકોર્ટનાં દ્વારે પહોંચ્યાં હતા, પરંતુ કોર્ટે તેને રોકવાનો ઈનકાર કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે ક્રૂડ તેલના વાયદા કોન્ટ્રેક્ટને બેરલ દીઠ રૂ. ૨,૮૮૪ ના નકારાત્મક ભાવે પતાવટ કરવાના એમસીએક્સના નિર્ણયને રોકવાનો ઈનકાર કર્યો હતો. જોકે, હાઈકોર્ટે એમસીએક્સના ૨૧ એપ્રિલના પરિપત્રને પડકારતી એક રોકાણકારની અરજીની સુનાવણી કરતી વખતે માર્કેટ રેગ્યુલેટર સેબી, એમસીએક્સ અને એમસીએક્સ ક્લિયરિંગ કોર્પોરેશન લિ.ને તેનો જવાબ માંગવા માટે નોટિસ ફટકારી છે. કોર્ટે અધિકારીઓને ચાર અઠવાડિયામાં જવાબ રજૂ કરવા જણાવ્યું છે. આ મામલે આગામી સુનાવણી ૨૪ જૂને હાથ ધરવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટે ૨૭ એપ્રિલના રોજ આ આદેશ આપ્યો હતો, પરંતુ તે ગુરુવારે કોર્ટ વેબસાઈટ પર ઉપલબ્ધ કરાયો હતો. અરજીમાં જણાવાયું છે કે પરિપત્રમાં ક્રૂડ ઓઈલ ફ્યુચર્સ કોન્ટ્રાક્ટની નિયત તારીખના આધારે દર નક્કી કરવામાં આવ્યો છે, જે આ વર્ષે ૨૦ એપ્રિલના રોજ બેરલ દીઠ રૂ. ૨,૮૮૪ પર નકારાત્મક બન્યો હતો. ક્રૂડ ઓઈલના નકારાત્મક ભાવને કારણે થયેલા નુકસાન અંગે અદાલતે અરજદાર ઈન્વેસ્ટર એલ્યુમિનિયમ એલોય એલએલપીને વચગાળાના રક્ષણ આપવાનો ઈનકાર કર્યો હતો. સેબીના વકીલે દલીલ કરી હતી કે આ પરિપત્ર કોઈપણ નિયમ અથવા કાયદાનું ઉલ્લંઘન કરતું નથી. તેમણે કહ્યું કે એમસીએક્સ ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ દ્વારા નક્કી કરેલા રેટના આધારે પણ સોદા કરે છે. એમસીએક્સનું પ્રતિનિધિત્વ કરતી સલાહકારે જણાવ્યું છે કે અરજી કરનારી કંપનીએ સિક્યુરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) એક્ટ હેઠળ યોગ્ય અપીલ હેઠળ અપીલ ફાઈલ કરવી જોઈએ. તેમણે માંગ કરી કે આ અરજી રદ કરવામાં આવે.

એક્સચેન્જે ક્રૂડ તેલના એપ્રિલ વાયદામાં ઊભી થયેલી કટોકટી માટે ૧૦૦ ટકા માર્જિન લાદવાની જાહેરાત કરી છે, જેમાં પ્રથમ લોટ માટે રૂ.૯૫,૦૦૦ ફિક્સ માર્જિન રેશે, જયારે વાયદાના એક લોટદીઠ રૂ.૧ લાખનું માર્જિન લાદશે. આ ઉપરાંત રૂ.૫૦,૦૦૦નું માર્જિન હાલના વાયદા પર અને ભવિષ્યમાં શરૂ થનારા વાયદા પર લાગુ કરવાની પણ એક્સચેન્જે જાહેરાત કરી છે. ક્રૂડ તેલના ભાવ ૫૦થી ૭૫ ટકા ઘટે તો ૫૦ ટકા વધારાનું માર્ક-ટુ-માર્કેટ માર્જિન લાગુ પડશે અને જો ૭૫થી ૯૦ ટકા ભાવ ઘટે તો ૧૦૦ ટકા માર્ક-ટુ-માર્કેટ માર્જિન લાગુ પડશે. જો ભાવ ૯૦ ટકાથી પણ વધુ ઘટશે તો ૧૨૫ ટકા માર્ક-ટુ-માર્કેટ માર્જિન લાગુ કરવામાં આવશે. ક્રૂડ તેલના વાયદામાં વધુપડતી વધઘટને રોકવાના હેતુસર આ વધારાનું માર્જિન લાગુ કરવાની જાહેરાત કરી છે.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક વિભાગ(સુભાષિતો)અહેવાલ : જીજ્ઞા કપુરિયા

સુભાષિત ૪

સુપ્રભાત મિત્રો ??

સુભાષિત એ નવી પેઢી ને સમજવા માટે ટૂંકો રસ્તો છે.આજની પેઢીના બાળકો શોર્ટ કટ શોધે છે. સુભાષિત એટલે થોડામાં ઘણું.તેમાં જ્ઞાન,વિનોદ અને ચારિત્ર્ય આ ત્રણનો ત્રિવેણી સંગમ જોવા મળે છે.વ્યક્તિની વ્યવહારદક્ષતા,નીતિ ને બુદ્ધિ ત્રણેયનો વિકાસ થાય છે.સુભાષિત સંસ્કારનું સીંચન કરે છે.

૪ ) માનવ માનવ વચ્ચે ઊભા અવગણ ભેદ;

એ ભેદોનો છેદ ઉડાડી,ગજવો જંગ અભેદ.

વર્તમાન પરિસ્થિતિ માં આ સુભાષિત બરાબર માનવી ની માનવ વચ્ચેની ઓળખ આપી ગયો છે.વિશ્વભર નું સંચાલન કોણ ને ક્યાં કરી રહ્યું છે.ઠેર ઠેર નાની કક્ષાના કાર્યકર્તાઓ આજે તનમન થી કામે લાગી ગયા છે.માનવતાનું ઝરણું આજે માનવીમાં સૂતેલું જાગૃત થયું છે તો હવે ક્યારેય તે સૂકાવા ન દે તો સારું.કારણ આજે એવી પરિસ્થિતિ છે કે કોઈ ઊંચું કોઇ નીચું નથી.

આજથી મહિના પહેલા માનવી વિશ્વભરનાં લોકોને મચ્છર જેમ મરણ પામતાં જોઈ વિચારતો થયો છે નહિતો પહેલા તે કવિએ રચેલી આ બે પંક્તિઓ ના જેવો જ હતો.સુભાષિત એટલે કવિ કે જ્ઞાની ના અનુભવનો નિચોડ જ,મે પહેલા પણ કહ્યું જ હતું.અહીં કવિએ કહ્યું છે કે,"માનવ માનવ વચ્ચે અનેક જાતના ભેદો જોવા મળે છે.પણ ત્યારે પણ કવિ કહી ગયા કે આપણે એવી જંગ છેડીએ કે આવા તમામ ભેદો અભેદ(લુપ્ત) થઈ જાય.

જગતમાં જાતિભેદ,વર્ણભેદ,ઊંચ નીચના ભેદ,નાનામોટાના ભેદ,અમીર ગરીબના ભેદ,હું બ્રાહ્મણ તું શુદ્ર ના ભેદ આવા અનેક ભેદો ના વાડામાં સમાજ જીવતો હતો.આને લીધે સંઘર્ષ ઉભા થતા,જંગ(યુદ્ધ) છેડાતી.માનવ માનવ વચ્ચે વિશ્વાસ જ રહ્યો નહોતો,ત્યાં હવે તેઓ જ પોતપોતાના પર વિશ્વાસ કરતા થયા કારણ કોઈનેજ નથી ખબર મોત કેટલું દૂર ઉભું છે.સર્વત્ર અશાંતિની જગ્યાએ શાંતિ પ્રાર્થના થઈ રહી છે નિમ્નજાતિના લોકો પોતાની પરવા ન કરી પોતાની સાથેનો ભેદ છૂતાછૂતની ભાવના ભૂલી કામે લાગ્યો છે.

આપણે સૌ અત્યારે સમાનતાભાવો ને જગાડી ભેદભાવને ભૂલી મહામારીના આ રોગને નાથવાનો જબરજસ્ત પ્રયાસ કરી રહ્યા છીએ તો એ ભાવના હવે ક્ષણ બે ક્ષણ ન રાખતા કાયમી પ્રસ્થાપિત કરીએ ને ડોક્ટર,નર્સ,મજદૂર,કામગાર વર્ગ કે આપણે એક સમાન છીએ સ્વચ્છતા ને સફાઈ આપણી પર ફરજ છે આપણે રાખીએ. તો આપણી સાથે આપણા કામગાર ને આપણા કારીગરો બધા જ આપણી સાથે કઠિણ સંજોગો માં ઊભા રહ્યા એમ ફરી ફરી ઉભા રહેશે.

ચાલો આપણે ભેગા મળીને આવા ભેદભાવો દૂર કરવાનો દ્દઢ સંકલ્પ કરીએ તો માનવ માનવ મટી માનવતાનો ભેખ જરૂર રંગ લાવશે ને ભેદભાવ નષ્ટ થઈને રહેશે.

સુભાષિત ૫

સુભાષિત ના અર્થને સમજવા કે સમજાવવા ગુરૂ કે શિક્ષકો માટે ઘણું કપરું હતું,એકતો થોડામાં ઘણું કહી જતા આ બે વાક્યોમાં સલાહ કે સંદર્ભ હતા જે માનવ જાતિને સમજની પરે હતા..આજથી ત્રેવીસો વર્ષ પૂર્વ ચાણક્ય નીતિમાં લખાયેલ સુભાષિતો પણ આજે પણ સત્ય સાબિત થાય છે

૫ )દયા ને દાન એ બેમાં, દયા દાન થકી ચડે

દાન દીધું, લીધું,ભુલ્યાં, દયાસ્ત્રોત સદા વહે.

જુઓ આજે દાનની કેટલી હાંકલ પડી છે,દાન કરવા કેટકેટલાય અમીરો સામે આવ્યા,કેટ કેટલાય ફિલ્મ સ્ટાર સામે આવ્યા...પી.એમ યોજનામાં દાનના ઢગલાં થયા..અનાજ,કપડાં કે જીવન જરૂરિયાત ની દરેક ચીજોના અનેક ભંડારો ખુલ્લા મુકાયા.પણ દાન તો અપાયું કે ગ્રહણ કર્યુ પણ જો માનવતા નામની દયા ન હોય તો કામનું શું..?

ઘણાં વિઘ્ન સંતોષીઓએ બખાડા ઊભા કર્યા,દાનની રકમના હિસાબ માંગ્યા,હોસ્પિટલમાં જઈ વિડિયો ઉતાર્યા,ને સરકારની સાથે કેટલાક ગંદી પોલિટિક્સ રમ્યા..એટલે દયાનું સર્જન નહિ વિસર્જન કરવામાં આવી રહ્યું.દાનમાં તો ધનની આપ લે થાય છે.

દાન આપનારની લેવાલની વચ્ચે સંબંધ બંધાયને વાહ વાહ ની આપ લે થાય.દાન આપનાર અંહકારી બને.દાન લેનારને લઘુતા નો અનુભવ થાય.

દયાનો ભાવ એક વ્યક્તિ બીજા વ્યક્તિમાં પ્રગટવી સકે છે,અહીં કોઈ ચડસા ચડસી નથી થતી,ગણતરી નથી થતી. વણથંભ્યો દયાનો સ્ત્રોત વહેતો રહે છે.દયાને કોઈ પ્રમાણ કે મર્યાદા નડતા નથી.કોઈ પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠા ઊભા થતા નથી.દાન શ્રીમંતો જ કરી સકે છે જયારે દયાભાવ તો કોઈ પણ જાતપાત કે ઊંચનીચની ભાવના ને નડતો નથી.દયાનો અવિરત પ્રવાહ જગતનાં દુઃખો દૂર કરી સકે છે.ગૌતમબુદ્ધ રાજા હતા ત્યાં સુધી ઐશ્વર્યને જાણતા હતા પણ દયાભાવ જાગ્યા પછી જગતના દુઃખોને ઓછા કરવાની ભાવનાએ બોધીત્વ પ્રાપ્ત કરી શક્યા.

દાનની ગણતરીઓ કરી પ્રતિષ્ઠા મેળવવી એના કરતા દયા જ ધર્મનું મૂળ છે એ સમજતા જ જાતપાત કે ઊંચનીચના ભાવ નષ્ટ થઈ જશે.

માનવી માનવ મટી માનવતામય બને તોજ દયાભાવને જીતી સકશે,સહૃદયી બનો, દયાળુ બનો.

જયશ્રી પટેલ

### કોરોના વાયરસ સામે સાવચેતીરૂપે સોસિયલ ડિસ્ટરસિંગ જાળવવા સંકલ્પ લઈ

# જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે પ્રજાજનોને એ મુજબ વર્તવા પ્રેરણા આપી



(પ્રભુદાસ પટેલ)મોટી ઈસરોલ, તા.૧

આજે ગુજરાત સ્થાપના દિવસે કોરાના વાયરસ સામેના જંગમાં સાવચેતીરૂપે સોસિયલ ડિસ્ટરસિંગ જાળવવા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સંકલ્પ લીધો હતો.


તેમણે આ સંકલ્પમાં જ જણાવ્યું હતું કે ગુજરાત સ્થાપના દિવસે સંકલ્પ કરું છું કે હું માસ્ક પહેરાવ્યા વિના ઘરની બહાર નીકળીશ નહિ,બે ગજનું સોસિયલ ડીસ્ટરસિંગનું હમેશા પાલન કરીશ.દિવસ દરમિયાન વારંવાર સાબુથી હમેશા હાથ ધોઈશ અને તેને સેનેટાઇઝ કરીશ.

જિલ્લા સમહર્તા એ પોતે એવો સંકલ્પ લઈને જિલ્લાના પ્રજાજનોને પણ આ સંકટના સમયે પૂરતી તકેદારી રાખવા અને સોસિયલ ડિસ્ટરસિંગ, હાથ ધોવા અને સેનેટરાઈઝ કરવા સહિતની બાબતોને જીવનનો એક ભાગ બનાવવા આ સંકલ્પ દ્વારા પ્રેરણા આપી હતી જેને લોકોએ બિનચુક પોતાના અને પરિવારના અને સૌના હિતમાં અપનાવવી આવશ્યક છે.

# અરવલ્લી જીલ્લામાં પ્રશાસન તંત્રની નિષ્ફળતાના પગલે રેડ ઝોનમાં....!! : રેડ ઝોનને પગલે લોકો ચિંતિત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીનું સંકટ જેમ જેમ વધી રહ્યું છે, તેમ સરકાર પોતાની રણનીતિમાં ફેરફાર કરી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી ૩મે પછી એટલે કે આગામી અઠવાડિયે દરેક જિલ્લાને અલગ અલગ રીતે વહેંચવામાં આવ્યા છે. દેશમાં અત્યારે પણ અનેક જિલ્લાઓ રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં વહેંચવામાં આવ્યા છે, પરંતુ આ વખતે આખું માળખું બદલવામાં આવ્યું છે.સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા કેસની સંખ્યા, ડબલિંગ રેટ અને ટેસ્ટિંગના હિસાબથી સમગ્ર દેશમાં જીલ્લાઓનું નવું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે.રાજ્યના ૩૩ જિલ્લામાંથી રેડ ઝોનમાં ૯ જિલ્લા, ઓરેન્જ ૧૯ અને ગ્રીનમાં ૫ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં અરવલ્લી જીલ્લાનો રેડ ઝોનમાં સમાવેશ કરવામાં આવતા લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે




લોકડાઉનના ૨૧ દિવસ સુધી કોરોના મુક્ત અરવલ્લી જીલ્લામાં લોકડાઉન-૨ માં કોરોના બોંબ વિસ્ફોટ થતા ૧૯ લોકો કોરોનાની બીમારીનો ભોગ બનતા લોકોમાં ફફડાટ ફેલાયો છે લોકડાઉન સમય દરમિયાન મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક જેવા રાજયો અને રાજયના કોરોનાગ્રસ્ત શહેરી વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જીલ્લાની સરહદો સીલ હોવાના દાવાઓ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં આવી પહોંચતા અને ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન એક પણ કેસ ન નોંધાતા સલામત ગણાતા અરવલ્લી જિલ્લામાં અન્ય જિલ્લામાંથી રાત્રે અને વહેલી સવારે અનેક લોકો ગામડાઓમાં પહોંચી ચુક્યા છે નાકાબંધી અને સર્વેની તાયફારૂપી કામગીરીના પગલે અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો કોરોનાથી ચેપગ્રસ્ત બનતા ૧૯ કેસ કોરોના પોઝેટીવ આવતા જીલ્લાનો રેડ ઝોનમાં સમાવિષ્ઠ કરવામાં આવ્યો છે જીલ્લામાં કોરોના પોઝેટીવ આવેલા દર્દીઓ માંથી મોટા ભાગના દર્દીઓ ટ્રાવેલિંગ હિસ્ટ્રી ધરાવે છે જિલ્લા પ્રશાસન તંત્ર લોકડાઉનની અમલવારી કરાવવામાં નિષ્ફળ રહેતા જિલ્લાને રેડ ઝોનમાં મુકવામાં આવતા પ્રજાજનોમાં પ્રશાસન તંત્રની કામગીરી સામે અંદર ખાને રોષ ભભૂકી ઉઠ્યો છે

કૉરોના વાઈરસને લઈને અરવલ્લી જિલ્લો રેડ ઝોનમાં આવી ગયો છે, જે અરવલ્લી જિલ્લાની જનતા માટે જોખમી ગણી શકાય. હાલ કૉરોના વાઈરસને લઈને નાના કર્મચારીઓ ગ્રાઉન્ડ લેવલે કામ કરી રહ્યા છે પણ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ શહેરમાં ફરક્યા પણ નથી, એ.સી.ચેમ્બરમાં બેસીને માત્ર આદેશ કરીને જ સંતોષ માની રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં બધી જ જવાબદારી પૉલિસને સોંપી દીધી હોય તેવું પણ લાગી રહ્યું છે. રાજયના અન્ય જિલ્લાઓમાં કલેક્ટર જાતે જ માહિતી ગ્રાઉન્ડ કક્ષાએ પહોંચીને લઇ રહ્યા છે, પણ અરવલ્લી જિલ્લામાં આવું કંઇ જ જોવા નથી મળી રહ્યું તે ખૂબ ચિંતાનો વિષય છે. કઠણ હૃદયના અધિકારીઓ હવે જિલ્લાની જનતાનો વિચાર કરીને ગ્રાઉન્ડ પર નિકળે તે હિતાવહ છે.

### મોડાસાની ૨૨ વર્ષીય યુવા તબીબ દીકરી મુંબઈમાં કોરોના વૉરિયર્સ

# મુંબઈના ભાયખલ્લાની મશીના હોસ્પિટલમાં કોરોનાની સારવારમાં તૈનાત

અરવલ્લી બ્યુરો મોડાસા

મુંબઈમાં કોરોના મહામારીને નાથવા તમામ પ્રયાસો થઈ રહ્યા હોવા છતાં કોવિડ-૧૯નો ઉપદ્રવ કાબૂમાં આવતો નથી. રોજેરોજ દર્દીની સંખ્યા વધતી જાય છે.કોરોના કહેરના પગલે મુંબઈ શહેરમાં કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા વધીને ૧,૨૧૨ પહોંચી છે સરકારી અને ખાનગી હોસ્પિટલોને કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફેરવી દઈ કોરોના પોઝેટીવ દર્દીઓને સઘન સારવાર આપવામાં આવી રહી છે ત્યારે મોડાસાની ૨૨ વર્ષીય તબીબ યુવતી કેયા પ્રજાપતિ મુંબઈના ભાયખલ્લા એરિયાની મશીના હોસ્પિટલમાં ખડેપગે કોરોના વોરિયર્સ તરીકે જવાબદારી નિભાવી રહી છે . મોડાસા શહેરના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ ડૉ.કંદર્પ પ્રજાપતિની ૨૨ વર્ષીય પુત્રી ડૉ.કેયા પ્રજાપતિ મુંબઈના ભાયખલ્લા વિસ્તારમાં આવેલી મશીના હોસ્પિટલમાં



સાયકિયાટ્રીસ્ટ તરીકે માસ્ટર ડિગ્રી કરી રહી છે મહારાષ્ટ્રમાં અને મુંબઈ શહેરમાં કોરોનાએ હાહાકાર મચાવતા મોટા ભાગની હોસ્પિટલ કોવીડ-૧૯ માં તબદીલ કરવામાં આવી છે મશીના હોસ્પિટલમાં રેસિડેન્સ તબીબ તરીકે ફરજ બજાવતી હોવાથી કોરોનાની મહામારીમાં કોરોના વોરિયર્સ તરીકે જોડાઈ હોસ્પિટલમાં

કોરોના પોઝેટીવ દર્દીઓને ખડેપગે સારવાર આપી રહી છે હાલ ખાનગી હોસ્પિટલના કેટલાક તબીબો કોરોના મહામારીમાં દવાખાના બંધ કરી ઘરમાં પુરાઈ રહ્યા છે ત્યારે ડૉ.કેયા પ્રજાપતિ કોરોના યોદ્ધા તરીકે પીપીઈ કીટ પહેરી કોરોના સામેના યુદ્ધમાં નિષ્ઠાવાન સૈનિકની ભૂમિકામાં અડીખમ ઉભી રહી અન્ય તબીબોને કોરોના સામેના જંગમાં ઉતારવા પ્રોત્સહન આપી રહી છે . ડૉ. કેયા પ્રજાપતિના પિતા ડૉ.કંદર્પ પ્રજાપતિના જણાવ્યા અનુસાર હાલ તેમની પુત્રી મુંબઈના ભાયખલ્લા વિસ્તારમાં આવેલ મશીના હોસ્પિટલમાં રેસિડેન્સ તબીબ તરીકે એકલી રહી મનોચિકિત્સક તબીબનો ઉચ્ચ અભ્યાસ કરી રહી છે ભાયખલ્લા વિસ્તારમાં કોરોનાના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધુ હોવાથી મશીના હોસ્પિટલને કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફેરવતા ડૉ.કેયા પણ કોરોના વોરિયર્સ તરીકે કોરોનાની કપરી સ્થિતિમાં તબીબ ધર્મ નિભાવી રહી છે અને આ ઘડી તબીબ પિતા માટે ગૌરવપૂર્ણ બની રહી છે

# અરવલ્લીના બાયડના તેનપુર ગામના ૩૩૧૧ લોકોનો સરવે કરાયો

અરવલ્લી બાયડ તાલુકાના તેનપુર ગામમાં ૨૫ વર્ષીય યુવાનનો કોરોના પોઝિટિવ આવતાં અરવલ્લી જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રાતં દ્વારા આ વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે,

અરવલ્લી બાયડ તાલુકાના તેનપુર ગામમાં ૨૫ વર્ષીય યુવાન કે ગાંધીનગરથી પોતાના વતન તેનપુર ખાતે આવ્યા હતા,જેથી આરોગ્ય વિભાગે તકેદારીરૂપે આંતર જિલ્લામાંથી આવેલ યુવાન અને તેમના માતા-પિતાના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. જેમાં યુવાનનો રીપોર્ટ પોઝિટીવ આવતા તેમના નજીકના સંપર્કમાં આવનાર બે વ્યક્તિઓને બાયડની વાત્રક હોસ્પિટલમાં આઈસોલેટેડ કરવામાં આવ્યા છે.

જેને લઈ આ વિસ્તારનું મેપિંગ કરી કન્ટેટમેંટ ઝોન જાહેર કરી આસ પાસના વિસ્તારમાં આવતા લોકો અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

તેનપુરના કન્ટેઇનમેન્ટ વિસ્તારમાં મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર અને ફિમેલ હેલ્થ અને આશા વર્કર મળી કુલ- ૧૪ ટીમ બનાવવામાં આવી છે, જે તેનપુર ગામના ૬૯૯ ઘરના ૩૩૧૧ થી વધુ લોકોના હાઉસ ટુ હાઉસ સર્વે કરાયો છે, જેમાં જેમાં ૧૭૧૮ પુરૂષ અને ૧૫૯૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. સરવે દરમિયાન દર્દીના નજીકના સંપર્કમાં આવનાર ૨૩ લોકોને હોમ કોરોન્ટાઇન કરવામાંઆવ્યા છે.

આ વિસ્તારમાં આગામી ૨૮ દિવસ સુધી સળંગ હાથ ધરવામાં આવનાર સરવે દરમ્યાન શરદી, ખાંસી અને તાવ ધરાવતા લોકોને અલગથી તારવવામાં આવશે. આ ઉપરાંત આરોગ્ય ટીમ દ્વારા ઉક્ત વિસ્તારમાં જનજાગૃતિ અર્થે આઇ.ઇ.સી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### કોરોના વાયરસ સામે છેવાડીયાના રેણુકાબેન મહેરીયાએ જંગ જીત્યો

# રેણુકાબેન મહેરીયાનો બીજો રિપોર્ટ નેગેટીવ આવતા વાત્રક સિવિલમાંથી રજા અપાઇ

અરવલ્લી જિલ્લામાં પ્રથમ કોરોના પોઝીટીવ દર્દીનું મરણ થયા બાદ જિલ્લાના કોરોના પોઝિટીવના પ્રથમ એક્ટીવ દર્દી એવા રેણુકાબેન મેસરીયાએ કોરોના સામે જંગ જીત્યો છે. ધનસુરા તાલુકાના છેવાડીયા ગામના ૪૦ વર્ષીય મહિલા રેણુકાબેન બકુલભાઇ મહેરીયાનો અરવલ્લી જિલ્લામાં દ્વિતીય પોઝીટીવ કેસ નોંધાયો હતો. તેમને બાયડની વાત્રક હોસ્પિટલ ખાતે તૈયાર કરાયેલ કોવિડ હોસ્પિટલમાં સારવાર બાદ બીજા બે રિપોર્ટ નેગેટીવ આવતા હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે. વિદાય વેળાએ ડાૅકટરો, નર્સ અને સ્ટાફે તાળીઓથી અભિવાદન કરી હોસ્પીટલમાંથી વિદાઇ આપી હતી. જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડાૅ. અમરનાથ વર્મા અને તેમની ટીમની સમયસરની સતર્કતાના કારણે તા. ૧૭ એપ્રિલના



રોજ બાયડની વાત્રક હોસ્પિટલ ખાતે સારવાર માટે આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સીવીલ નોડલ અધિકારી ડાૅ. પ્રવિણ સોલંકી અને તેમની આખી ટીમે સુંદર સારવાર આપી, જેમાં રેણુકાબેનના બે રિપોર્ટ નેગેટીવ આવતા તેમને શુક્રવારના રોજ હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગની સુંદર કામગીરી અને પરસ્પર સંકલનના કારણે આજે એક્ટીવ પ્રથમ કેસ સાજા થયા છે

કોરોના સંક્રમણથી સાજા થયેલા દર્દીના સ્વજન બકુલભાઇ મહેરીયા જણાવ્યું કે જયારે મને ખબર પડી કે મારી પત્નીને કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યાનું સાંભળ્યા પછી હું ગભરાઇ ગયો હતો. તેમણે કહ્યું કે વાત્રકની કોવિડ હોસ્પિટલામાં ખુબ સારી સારવાર મળતાં હું ડાૅકટરો, નર્સ સહિત તમામ સ્ટાફનો ખુબ ખુબ આભાર માનું છે. હું આજે બહુ ખુશ છે કે મારી પત્ની સ્વસ્થ થઇ ગયા છે. તેમણે લોકોને કોરોનાથી ગભરાયા વિના ઘરમાં રહી સુરક્ષિત રહેવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે હોસ્પિટલના નોડલ ઓફિસરશ્રી ડાૅ. પ્રવિણ સોલંકી. સહિત ડાૅકટરો, નર્સ અને કોવિડ હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ગુજરાત સ્થાપના દિને મધુર ડેરી દ્વારા આયોજિત સંકટથી સ્વાવલંબન વેબિનાર




૧ મે ગુજરાત સ્થાપના દિને આવશ્યક સેવામાં અડીખમ કાર્યરત મધુર ડેરી અને કામધેનુ યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે ડિઝટલ ટેકનોલોજીના માધ્યમથી એક વિશેષ વેબીનારનું આયોજન કર્યું હતું. આ વેબીનારમાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા વેટરનરી ડોકડર્સ, મધુર ડેરીની વોરિયર્સ ટીમ, કામધેનુના તજજ્ઞો , જિલ્લાના વેટરનરી વિષય નિષ્ણાતોએ ઓનલાઇન હાજરી આપી હતી. વેબીનારમાં આવકાર પ્રવચનમાં જણાવતા મધુર ડેરીના એમડીશ્રીએ ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ દ્વારા કોરોનાની કટોકટીમાં ચાલતી કામગીરી વિશે સૌના માહિતગાર કર્યા હતા. આ વેબિનાર થી પશુપાલન અને ડેરીઓ સાથે સંકળાયેલા અધિકારીઓ અને વેટરનરી ડોકટર્સ માટે ઉપયોગી બનશે તેવી આશા વ્યક્ત કરી આયોજન અને માર્ગદર્શન બદલ મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા અને કામધેનુ યુનિવર્સિટી ના વીસી ડો. કેલાવાલાને સંકટથી સ્વાવલંબન વિશે પોતાના વિચારો રજુ કરવા આમંત્રણ આપ્યું હતું. ડો. કેલાવાલા સાહેબે કોરોનાની કટોકટીને ખૂબ ગંભીરતાથી લઈને પશુપાલકો જ રાજ્યને સ્વાવલંબન નો રાહ ચીધી શકશે તે બાબતે વાત કરી હતી. પશુપાલકો માટે ઉપયોગી પશુ ઉછેર અને ગૌ પશુપાલન ને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. વિબીનારના મુખ્ય વક્તા ડો. શંકરસિંહ રાણા સાહેબે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે માનનીય મુખ્યમંત્રી શ્રીએ નાગરિકોને આપેલ આહવાન માસ્ક પહેરો, સોસીયલ ડિસ્ટન્સ રાખો અને રોગપ્રતિકારક શકિત વધારોના મંત્રને સાકાર કરવાની સૌને અપીલ કરી હતી. સ્વ થી જ સ્વાવલંબન આવશે. જાતે જ ડર વિના સાવચેત બની ટકી રહીશું તો આર્થિક સામાજિક સ્વાવલંબન બનાશે. તેમણે આ સમયે પશુપાલન વ્યવસાય એ પરમોધર્મ છે અને સ્વાવલંબન નું એક સચોટ ઉદાહારણ છે તેની વાત કરી હતી. દૂધની સાથે સાથે શાકભાજીની સેવા પણ મધુર ડેરીએ શરૂ કરીને ખેડૂતોને સ્વાવલંબી બનાવવા પહેલ કરી છે તેની પણ વાત કરી હતી. સહકાર ક્ષેત્ર સ્વાવલંબન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. સંકટ તો છે પણ સહકારી સ્વાવલંબન વધારવા સરકાર અને પશુપાલકો એકાજુટ થઈ પ્રગતિ કરશે તેની વાત કરી હતી. વેબીનારમાં ગાંધીનગર સમાચારના તંત્રી અને જિલ્લાના વરિસ્ટ પત્રકાર શ્રી ઝા સાહેબે ગુજરાત સ્થાપના દીને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. સંકટ સામે લડવાનું અને ટકી રહેવાનું તો ગુજરાતીઓના લોહીમાં છે એટલે સાવચેતી અને સહકારથી જલદી બધું ઠીક થશે તેવી આશા વ્યક્ત કરી હતી. ગાંધીનગરમાં કોરોનાના વધતા કેસો સામે હવે સાવધાની બતાવી સહકાર આપવા સૌને અપીલ કરી હતી. કામધેનુના વિસ્તરણ નિયામક ડો. વાટલીયા એ તાજેતરના વિષય અનુરૂપ વેબીનારના આયોજન બદલ મધુર ડેરીને ધન્યવાદ આપ્યા હતા. પશુપાલન અને ડેરીથી મોટાભાગના લોકોને રોજગારી મળે છે એટલે સ્વાવલંબન એ પશુપાલન વ્યવસાયનો પર્યાય શબ્દ બની રહેશે. સૌને સુરક્ષિત રહી સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

અંતમાં મધુર ડેરીના વેટરનરી અધિકારીએ પશુપાલકોએ વાછરડી ઉછેર, ગૌ પશુપાલન, સજીવ ખેતી અને પશુ સારવારમાં આયુર્વેદિક ઉપચાર જેવા મુદ્દે સૌને માહિતી આપી હતી. વેબીનારને અંતે પ્રોક્યોરમેન્ટ વિભાગના જનરલ મેનેજર શ્રી હંસાબેન પટેલે આભારવિધિ કરી હતી. અને આ અનોખી પહેલ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

### લોકડાઉનના ૩૯ દિવસમાં જિલ્લામાં ૪૧૯૭ બાળકો જન્મ્યા

# ૨૬૨૯ ખાનગી દવાખાનાઓમાં જ્યારે ૧૫૮૬ સરકારી દવાખાનાઓમાં બાળકો જન્મ્યા

## સૌથી ઓછા સૂઈગામમાં ૧૯ જ્યારે સૌથી વધુ ડીસામાં ૬૯૪ પ્રસૂતિઓ થઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી દરમ્યાન સૌ કોઈ આ ચેપી રોગની રોકથામ માટે ચિંતિત હતા ત્યારે લોકડાઉનના ૩૯ દિવસમાં બનાસકાંઠા જિલ્લામાં ૪૧૯૭ બાળકોએ જન્મ લીધો છે. જેમાં ૨૬૨૯ ખાનગી દવાખાનાઓમાં જ્યારે ૧૫૮૬ સરકારી દવાખાનાઓમાં બાળકો જન્મ્યા છે. અત્યંત જોખમી કહેવાતી પ્રસૂતિઓ પણ સરકારી હોસ્પિટલમાં સફળતાથી કરાઈ હતી જેમાં વેડંચાની પીએચસીમાં પગેથી બહાર આવનાર અને ગળામાં ૩ લેયર ગર્ભનાળ વીંટેલી હોવા છતાં સફળતાપૂર્વક બન્ને નવજાત બાળકો બચાવી લેવાયાં હતા.

ફ્રન્ટલાઈનમાં કામ કરતા આરોગ્ય સ્ટાફે કોરોના વાયરસની ખતરનાક બિમારી વચ્ચે પણ બુલંદ હોંસલા સાથે ૪૧૯૭ બાળકોને સહી સલામત જન્મ અપાવ્યો છે અને એક પણ કેસમાં માતા મરણ થયું નથી. તે આરોગ્ય



કર્મીઓની આવડત અને સફળતા છે. આંકડાઓ ઉપર નજર કરીએ તો અમીરગઢમાં ૩૦૬, ભાભરમાં ૬૦, દાંતામાં ૨૩૨, દાંતીવાડામાં ૧૨૯, ડીસામાં ૬૯૪, દિયોદરમાં ૨૧૯, ધાનેરામાં ૨૮૬, કાંકરેજમાં ૨૮૭, લાખણીમાં ૧૧૮, પાલનપુરમાં ૬૦૨, સુઈગામમાં ૧૯, થરાદમાં ૬૪૪, વડગામમાં ૩૯૭, અને વાવમાં ૨૦૪ પ્રસુતિ નોંધાઇ છે. જેમાં ૧૫૬૮ પ્રસુતિઓ સરકારી દવાખાનાઓમાં જયારે ૨૬૨૯ પ્રસૂતિ પ્રાઈવેટ હોસ્પિટલમાં થઇ હતી. સામાજિક કાર્યકર પિન્કીબેન પરમારે જણાવ્યું કે ×આ પ્રસુતિઓમાં સહુથી મોટો ફાળો ફ્રન્ટલાઈનમાં રહી કામ કરતી આશા વર્કર બહેનોનો છે. જેમણે ઘરે ઘરે જઈને પ્રસૂતા બહેનોનું યોગ્ય રિપોર્ટિંગ કરી બાલમરણ અને માતામરણ દર ઘટાડવામાં બહુ મહત્વની ભૂમિકા ભજવી છે.× વેડંચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લોકડાઉન દરમિયાન ૧૦ પ્રસૂતિ પૈકી ૭ રાત્રે થઈ હતી અને ૩ દિવસે થઈ હતી. અહીં મેડિકલ ઓફિસર પદે ફરજ બજાવતા ડો.મીતાબેન કથીરિયાએ જણાવ્યું કે ×સરીપડા ગામની એક પ્રસૂતાની ડિલિવરી દરમ્યાન બાળક પગેથી બહાર આવતા જોખમી સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે પટોસણના એક કેસમાં પ્રસુતિ દરમ્યાન બાળકના ગળામાં ૩ લેયર ગર્ભનાળ વીંટેલી હાલત હતી જેમાં બાળકને બહાર નીકળતા બાળકની હાલત જોખમી હોવા છતાં સફળતાપૂર્વક પ્રસુતિ ફિમેલ હેલ્થ વર્કર અને સ્ટાફ દ્વારા સલામત કરાઈ હતી અને હાલ બન્ને બાળકો સ્વસ્થ છે.×

# અમદાવાદ પોલીસકર્મી કોરોના પોઝેટીવ આવતા અરવલ્લીમાં ફફડાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વોરિયર્સ તરીકે ફ્રન્ટ લાઈનમાં કામ કરતા પોલીસતંત્રના કર્મચારીઓ અને અધિકારીઓ પણ કોરોનાગ્રસ્ત બની રહ્યા છે અમદાવાદમાં પોલીસકર્મીઓ અને અધિકારીઓને કોરોના પોઝેટીવ થવાના આંકડાઓમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે ત્યારે મોડાસા તાલુકાના ખડોદા ગામના અને અમદાવાદ પોલીસતંત્રમાં ફરજ બજાવતો પોલીસકર્મી લોકડાઉનમાં તેના પરિવારને ખડોદા મૂકી પરત અમદાવાદ ફરજ પર જતો રહ્યો હતો લોકડાઉનમાં પણ પરિવારજનોને સતત મળવા ખડોદા આવતો હતો સોમવારે ખડોદા પરિવારને મળી પરત અમદાવાદ પહોંચ્યો હતો મંગળવારે પોલીસકર્મીની તબિયત લથડતા અમદાવાદમાં યુવકનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા ભારે હડકંપ મચ્યો હતો અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રએ પોલીસકર્મીના પરિવાર અને તેના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી હોમકોરન્ટાઈન કરી સર્વેની કામગીરી હાથધરી છે પોલીસકર્મીની બેદરકારીના પગલે ખડોદા ગામના લોકોમાં ફફડાટ ફેલાયો છે . મોડાસા તાલુકાના ખડોદા ગામના જયેશભાઇ અમૃતભાઈ મકવાણા અમદાવાદ પોલીસતંત્રમાં ફરજ બજાવે છે પરિવાર સાથે અમદાવાદ સ્થાયી થયો છે કોરોના મહામારીને પ્રસરતી અટકાવવા કેન્દ્ર સરકારે લોકડાઉન જાહેર કરતા પોલીસકર્મી તેના પરિવારને ખડોદા વતનમાં મૂકી ગયો હતો અને પરિવારજનોને મળવા ખડોદા સતત અવર-જવર કરતો હતો સોમવારે પોલીસકર્મી જયેશ મકવાણા ફરજ પુરી કરી પરત ખડોદા પહોંચ્યો હતો અને મંગળવારે પરત અમદાવાદ ગયા પછી પોલીસકર્મીની તબિયત લથડતા તેને સારવાર લીધી હતી શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા પોલીસકર્મીનો રિપોર્ટ કરાવતા પોલીસકર્મીનો કોરોના પોઝેટીવ આવતા અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રને જાણ થતા તાબડતોડ પોલીસકર્મીના પરિવારજનો અને પોલીસકર્મીના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી સર્વેની કામગીરી હાથધરી હતી હાલ તો પોલીસકર્મીના પરિવારજનો અને તેના સંપર્કમાં આવેલા લોકોને કોઈ પણ જાતની શારીરિક તકલીફ ન હોવાથી હોમકોરન્ટાઇન કરવામાં આવ્યા છે . અમદાવાદ કોરોનાના અજગરી ભરડામાં લપેટાયું છે ત્યારે હોટસ્પોટ વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસકર્મીની બેદરકારીના લીધે ખડોદા સહીત આજુબાજુ પંથકના લોકોમાં કોરોના સંક્રમિત થવાનો ભય પેદા થતા ફફડાટ ફેલાયો છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK